સુવિચાર

આજનો દરેક સંઘર્ષ એ
આવતીકાલની સિદ્ધિનું કારણ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-23 ■ DATE : 05-05-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

### આજનો ઇતિહાસ

ગુજરાતના ઇતિહાસમાં કેટલીક મુખ્ય ઘટનાઓમાં ૯૦૦ ના દાયકામાં સોલંકી રાજવંશનો ઉદય, ૧૪૧૧ માં અહમદ પહેલા દ્વારા અમદાવાદની સ્થાપના અને ૧૮૧૮ માં સુરતમાં બ્રિટિશ હાજરીની સ્થાપનાનો સમાવેશ થાય છે

## ધો.૧૨ સા.પ્રવાહનું રેકોર્ડબ્રેક ૯૩.૦૭% અને વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧% પરિણામ

**ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પ્રથમવાર ધો.૧૨ અને ગુજકેટનું પરિણામ એક સાથે જાહેર કરાયું: ધો.૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં ૯૬.૬૦% સાથે ગોંડલ કેન્દ્ર મોખરે રહ્યું: રાજકોટ જિલ્લાનું વિ.પ્રવાહનું ૯૨.૫૯ તથા સા. પ્રવાહનું ૯૩.૬૬ ટકા રીઝલ્ટ**










તસવીર : આનંદ જાવીયા

### ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯૪ શાળાઓનું પરિણામ ૧૦૦% જ્યારે ૩૪ શાળાઓનું પરિણામ ૧૦%થી ઓછું: રાજકોટની ધોળકીયા સ્કૂલના વિદ્યાર્થીઓએ ફરી એકવાર બન્ને પ્રવાહમાં મેદાન માર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ફેબ્રુઆરી માસમાં યોજાયેલ ધો.૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ આજે સવારે ૧૦.૩૦ કલાકે રાજયના શિક્ષણમંત્રી શ્રીએ જાહેર કર્યુ છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ નવા કિર્તીમાન સાથે ૯૩.૦૭ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૩.૫૧ ટકા જાહેર થયું છે.

પરિણામની કાગડોળે રાહ જોઈને બેઠેલા વિદ્યાર્થીઓ પરિણામ જોતા જ ખુશખુશાલ થયા હતા. ધાર્યા કરતાં વધારે સારું પરિણામ આવતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ગરબે ઘૂમ્યાં હતાં ને એકબીજાનું મોં મીઠું કરાવી ઉજવણી કરી હતી.ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે. રાજકોટની ધોળકીયા સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ધો.૧૨ની વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં મેદાન માર્યુ હતું. આ તબકકે શાળાના સંચાલક કૃષ્ણકાંતભાઇ ધોળકીયા તેમજ જીતુભાઇ ધોળકીયાએ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧,૦૦,૫૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ ૮૩.૫૧ ટકા નિયમીત વિદ્યાર્થીઓનું પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં નિયમીત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૩.૭૯ ટકા અને નિયમીત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૩.૨૦ ટકા આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં રાજકોટ જીલ્લાના ગોંડલ કેન્દ્રનું પરિણામ ૯૬.૬૦ ટકા અને સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર દાહોદ ૫૪.૪૮ ટકા આવ્યું છે. જયારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ પરિણામ મેળવતો જીલ્લો મોરબી છે. જેનું પરિણામ ૯૨.૯૧ ટકા છે. જયારે દાહોદ જીલ્લાનું પરિણામ ૫૯.૧૫ ટકા આવ્યું છે.

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ મેળવતી શાળાઓની સંખ્યા ૧૯૪ છે. જયારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૩૪ છે. એવન ગ્રેડ મેળવતા વિદ્યાર્થીની સંખ્યા ૮૩૧ છે. એટુ ગ્રેડ મેળવતી વિદ્યાર્થીની સંખ્યા ૮,૦૮૩ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૩.૪૯ ટકા છે. જયારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૩.૭૭ ટકા છે. આજે જાહેર થયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં કુલ ૩,૩૭,૩૮૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. નિયમીત ઉમેદવારોનુ પરિણામ ૯૩.૦૭ ટકા આવ્યું છે. બનાસકાંઠા જીલ્લાનું પરિણામ ૯૭.૨૦ ટકા આવ્યું છે. જયારે ૨૦૦૫ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. માત્ર ૨૧ શાળાઓનું પરિણામ જ ૨૧ ટકા કરતા ઓછુ આવ્યું છે. નિયમીત વિદ્યાર્થીઓનું પરિણામ ૯૦.૭૮ ટકા છે. જયારે નિયમીત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૫.૨૩ ટકા આવ્યુ.છે.

વિદ્યાર્થીઓ વોટ્સએપ દ્વારા સીધા તેમના ફોન પર પણ પોતાનું રીઝલ્ટ મેળવી શકશે. આ માટે વિદ્યાર્થીઓ તેમના રીઝલ્ટ ૨૦૨૫ દ્વારા ૬૩૫૭૩૦૦૯૭૧ પર તેમનો સીટ નંબર મોકલવાનું હતો.

જીએસઈબીની હાયર સેકન્ડરીના સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ પૂરી થઈ હતી. જ્યારે વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને ૧૦ માર્ચ ૨૦૨૫ના રોજ પૂરી થઈ હતી. રિઝલ્ટ જાહેર થયા બાદ પરીક્ષા પછીનું વેરિફિકેશન કરાવવા, પેપર વેરિફિકેશન, નામમાં સુધારા, ગુણનો અસ્વીકાર, નવેસરથી પરીક્ષા આપવા અંગે એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને શાળાને મોકલવામાં આવશે.

## એપ્રિલમાં ૧૪,૯૭૦ કરોડ GST કલેક્શન સાથે દેશમાં ગુજરાત ત્રીજા ક્રમે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નાણાં મંત્રાલય તરફથી જારી કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, એપ્રિલ-૨૦૨૫માં ગુજરાતની GST વાર્ષિક ધોરણે ૧૩ ટકાના ગ્રોથ સાથે ૧૪,૯૭૦ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ છે. જે ગત એપ્રિલ-૨૦૨૪ના રૂ. ૧૩,૩૦૧ કરોડની સરખામણીએ ૧૩ ટકાનો વધારો દર્શાવે છે. (૧) મહારાષ્ટ્રમાં GST કલેક્શન એપ્રિલ-૨૦૨૫માં રૂ.૪૧,૬૪૫ કરોડ (૨) કર્ણાટકમાં રૂ. ૧૭,૮૧૫ કરોડની વસૂલાત બાદ (૩) ગુજરાતમાં GSTની વસૂલાત રૂપિયા ૧૪,૯૭૦ કરોડ રહેવા પામી હતી. જે દેશમાં ત્રીજા ક્રમે છે. અહીં નોંધનીય બાબત એ છે કે, એપ્રિલ-૨૦૨૪ની સરખામણીમાં ગુજરાતની જીએસટી કલેક્શનનો વિકાસ દર ૧૩ ટકાની સામે મહારાષ્ટ્રમાં એપ્રિલ-૨૦૨૫માં GST વિકાસ દર ૧૧ ટકા રહ્યો હતો. સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતે GSTમાંથી રૂા.૭૩,૨૮૧ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી, જે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ૬૪,૧૩૩ કરોડની સરખામણીએ ૧૪ ટકાનો વધારો દર્શાવે છે. રાષ્ટ્રીય સ્તરે ભારત સરકારે એપ્રિલ ૨૦૨૫માં રૂા. ૨,૩૬,૭૧૬ કરોડની રેકોર્ડ આવક પ્રાપ્ત કરી છે, જે ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ ૧૨.૬ ટકા વધુ છે. આ રીતે ગુજરાતનો વસૂલાતનો ગ્રોથ રાષ્ટ્રીય સરેરાશથી પણ વધુ છે.

આ તબક્કે ગુજરાત સરકારે એવો દાવો કર્યો છે કે, આ માત્ર ગુજરાતની મજબૂત બની રહેલી આર્થિક પ્રવળત્તિઓને જ દર્શાવતું નથી પણ રાજ્ય સરકારની વ્યવસાયો માટેની અનુકૂળ નીતિઓ અને કાર્યક્રમોની સફળતાનું પ્રતિબિંબ પણ છે. આ આંકડા ભારતના કુલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં ગુજરાતના મહત્વપૂર્ણ યોગદાનને પણ દર્શાવે છે. વિકસિત ગુજરાત@૨૦૪૭'ના રોડમૅપ દ્વારા સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ'માં ટોપ એચિવર બનવાથી લઇને સ્ટાર્ટઅપ રેંકિંગમાં બેસ્ટ પર્ફોર્મરનો ખિતાબ -પ્રાપ્ત કરનાર ગુજરાત, આજે વૈશ્વિક વ્યાપાર પરિદશ્યમાં પણ ચમકી રહ્યું છે.

ગુજરાત ૧૪,૯૭૦ કરોડનું રેકોર્ડ જીએસટી કલેક્શન કરીને તમિલનાડુ (૧૩,૮૩૧ કરોડ), મધ્યપ્રદેશ (૫,૩૦૨ કરોડ), પશ્ચિમ બંગાળ (૮,૧૮૮ કરોડ), રાજસ્થાન (૬,૨૨૮ કરોડ), ઉત્તર-દેશ (૧૩,૬૦૦ કરોડ), પંજાબ (૩,૧૦૪ કરોડ), હરિયાણા (૧૪,૦૫૭ કરોડ) અને બિહાર (૨,૨૯૦ કરોડ) જેવા અનેક રાજ્યો કરતા આગળ રહ્યું છે.

## દેશભરમાં એલર્ટના આદેશો વચ્ચે વધુ એક મોટા ત્રાસવાદી ષડયંત્રને નાકામ બનાવાયું

### પાંચ ટીફીન - ડબ્બા બોંબ મળ્યા: પૂંછમાં સૈન્યનુ ઓપરેશન

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

પહેલગામમાં ત્રાસવાદી હુમલા બાદ સમગ્ર કાશ્મીર સહિત દેશભરમાં એલર્ટના આદેશો વચ્ચે વધુ એક મોટા ત્રાસવાદી ષડયંત્રને નાકામ કરવામાં આવ્યુ છે. મોટા ત્રાસવાદી અડ્ડાનો પર્દાફાશ કરીને પાંચ ટીફીન બોંબ તથા ડબ્બા બોંબનો નાશ કરવામાં આવ્યો છે.




પહેલગામ હુમલા બાદ પણ કાશ્મીરમાં વધુ હુમલા કરવાનુ ષડયંત્ર પકડાતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી હતી. રાજયના પૂંછ જીલ્લામાંથી સલામતીદળોએ પાંચ વિસ્ફોટક બોંબ પકડી પાડયા હતા. ત્રાસવાદી ઠેકાણાનો ખુલાસો થયો હતો. આ સ્થળેથી ટીફીન તથા સ્ટીલના ડબ્બામાં છુપાવાયેલા પાંચ બોંબ મળી આવ્યા હતા.

ભારતીય સૈન્ય તથા કાશ્મીર પોલીસ દ્વારા પૂંછના સુરનકોટ ક્ષેત્રના જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ તે દરમ્યાન ત્રાસવાદી અડ્ડાનો ખુલાસો થયો હતો. ત્રણ ટીફીન બોંબ, બે ડબ્બા બોંબ ઉપરાંત સંચાર સામગ્રી તથા વાંધાજનક ચીજવસ્તુઓ મળી આવી હતી.

પહેલગામ હુમલા બાદ સલામતી દળો દ્વારા રાજયભરમાં દરોડા ઓપરેશન કરવામાં આવી રહ્યું છે. શંકાસ્પદ વિસ્તારોમાં સર્ચ કરવા સાથે બાંધકામો પર બુલડોઝર ફેરવીને શંકાસ્પદોને અટકમાં લેવામાં આવી રહ્યા છે.

## સરહદ પર એરફોર્સ એલર્ટ: પાકિસ્તાનને ચેનાબનું પાણી પૂરું પાડતા બે ડેમના દરવાજા બંધ કરાયા



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વાયુસેનાના વડાએ પ્રધાનમંત્રી મોદીને યુદ્ધની તૈયારીઓ વિશે માહિ-તી આપી. રવિવારે યોજાયેલી બેઠકમાં એર ચીફ માર્શલ એપી સિંહે પીએમને જણાવ્યું હતું કે એરફોર્સ એલર્ટ પર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર એપી સિંહે કહ્યું કે પશ્ચિમી સરહદ પર સંરક્ષણ નેટવર્ક પણ હાઇ એલર્ટ પર છે અને રાફેલ જેવા ફાઇટર જેટ પણ તૈયાર છે.

આ દરમિયાન, સુરક્ષા દળોએ સોમવારે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં એક આતંકવાદી ઠેકાણું શોધી કાઢ્યું. અહીંથી 5 IED,, વાયરલેસ સેટ અને કેટલાક કપડાં પણ મળી આવ્યા છે. આ છુપાવાનું સ્થળ પૂંછના સુરનકોટના મારહોટ ગામમાં મળી આવ્યું હતું. સુરક્ષા દળોનું કહેવું છે કે આ આતંકવાદીઓ માટે છુપાયેલું સ્થાન છે.

આ ઘટના બાદ શ્રીનગર સેન્ટ્રલ જેલ અને જમ્મુની કોટ બલવાલ જેલમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઘણા આતંકવાદીઓ ત્યાં કેદ છે, જે હુમલાઓમાં મદદ કરે છે. ગુપ્તચર માહિતી બાદ આ પગલું લેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રે ચિનાબ નદી પરના બગલીહાર અને સલાલ ડેમના દરવાજા બંધ કરી દીધા છે. આમાંથી પાણી પાકિસ્તાન જતું હતું. પહેલગામ હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ રદ કરી દીધી છે, જેનાથી પાકિસ્તાન સરકાર નારાજ છે.

## ગોંડલ રોડ પરના કોરાટ ચોકમાં ગોઝારો અકસ્માત



તસવીર : આનંદ જાવીયા

### કાળમુખા ટ્રકે ટુવ્હીલરને હડફેટે લેતા ગોંડલના સાસુ-વહુના મોત: પિતા-પુત્રને ઇજા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ રોડ પર કોરાટ ચોક પાસે મોડી રાતે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકે બે અલગ અલગ ટુવ્હીલરને ઉલાળતાં ગોંડલના સાસુ-વહુના કમકમાટી ભર્યા મોત થયા હતાં. ગોંડલ કૈલાસબાગના બાવનીયા-બાવાજી પરિવારના પુત્રવધૂના ભાણેજનો રાજકોટમાં જનોઇ પ્રસંગ હોઇ તેમાં તેણી પોતાના પતિ અને સાસુ-સસરા સાથે હાજરી આપવા આવી હતી. રાતે પ્રસંગ પુરો થતાં ચારેય પરત ગોંડલ જવા રવાના થયા ત્યારે ગોંડલ રોડ કોરાટ ચોકમાં હાઇવે પર પહોંચ્યા ત્યારે બીજા વાહનો આવતાં નથી ને તે જોવા પિતા-પુત્રએ પોતાના વાહનો સ્હેજ ધીમા પાડયા ત્યાં જ પાછળથી કાળમુખા ટ્રકે બંને વાહનને ઉલાળી દીધા હતાં. જમાં પુત્રવધૂ જે વાહનમાં હતી તેણી ટ્રકમાં ફસાઇ જતાં આશરે સાતસો ફુટ સુધી ઢસડાઇ ગઇ હતી. ચારેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સાસુ અને વહુના મૃત્યુ થયા હતાં. જ્યારે પિતા-પુત્રનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો.

કરૂણ ઘટનાની જાણવા મળેલી વિગત મુજબ ગોંડલના કૈલાસબાગ-૭માં રહેતાં જાનવી વ્યોમ બાવનીયા (ઉ.વ.૨૩)ના રાજકોટ રહેતાં ભાણેજ રીષી રજનીભાઇ દેવમુરા-રીનો ગઇકાલે રવિવારે નવા ૧૫૦ રીંગ રોડ કટારીયા ચોકડી નજીક ભાવભુમી પાર્ટીપ્લોટ ખાતે જનોઇ પ્રસંગ હોઇ તેમાં સામેલ થયા જ્યોતિ તેના પતિ વ્યોમ મનોજભાઇ બાવનીયા (ઉ.વ.૨૫) તથા સાસુ જ્યોતિબેન મનોજભાઇ બાવનીયા (ઉ.વ.૪૯) અને સસરા મનોજભાઇ હરદાસભાઇ બાવનીયા (ઉ.વ.૫૨) સાથે રાજકોટ આવી હતી. બંને અલગ અલગ ટુવ્હીલર પર અહિ આવ્યા હતાં.

રાતે પ્રસંગ પુરો થયા બાદ મનોજભાઇ પોતાના ટુવ્હીલર પર પત્નિ જ્યોતિબેનને બેસાડીને અને તેમનો દિકરો વ્યોમ પોતાના પત્નિ જાનવીને પોતાના ટુવ્હીલરમાં બેસાડી ચારેય ગોંડલ જવા રવાના થયા હતાં. રાતે એકાદ વાગ્યે બંને પિતા-પુત્ર ગોંડલ ચોકડી કોરાટ ચોકમાં પહોંચ્યા ત્યારે રોડ પર બીજા વાહનો નથી આવતાં ને તે જોવા પોતાના વાહનો સ્હેજ ધીમા પાડી ઉભા રાખ્યા હતાં. આ વખતે જ પાછળથી તોતીંગ ટ્રક ધસી આવ્યો હતો અને પિતા-પુત્ર બંનેના ટુવ્હીલરને ઉલાળીને ભાગી ગયો હતો. આ વખતે વ્યોમના પત્નિ જાનવી ટ્રકની ઠોકરે આવી ગયા બાદ તેમાં ફસાઇ જતાં ઢસડાઇ ગયા હતાં.

આ બનાવને પગલે દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં ટ્રકની પાછળ દોડયા હતાં. જો કે ચાલક ટ્રક લઇ ભાગ્યો હતો. એ પછી આગળ જતાં પેટ્રોલીંગમાં રહેલી પોલીસે ટ્રક પકડી લીધો હતો. શાપર પોલીસે આ અંગે કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ હોસ્પિટલમાં ખસેડાયેલા સાસુ-વહુ, પિતા-પુત્રમાંથી સાસુ-વહુના સારવાર દરમિયાન મોત નિપજતાં કલ્પાંત સર્જાયો હતો. જ્યારે પિતા મનોજભાઇ અને પુત્ર વ્યોમ બાવનીયા બચી ગયા હોઇ તેમને સારવાર માટે દાખલ કરાયા હતાં. સવાર સુધી તેમને ઘટનાની જાણ કરવામાં આવી નહોતી.

## રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વાતાવરણ પલ્ટાયું

### ■ તાપમાનમાં ઘટાડો નોંધાતા કાળઝાળ ગરમીમાં રાહત: વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હવામાન-વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્રમાં ઉત્તર ગુજરાતમાં ગઈકાલથી ફરી હવામાન પલ્ટો સર્જાયો છે.અને ઠેર-ઠેર ઝડપી પવન સાથે કમોસમી વરસાદ પડતા લોકોને કાળઝાળ ગરમી માંથી રાહત મળી હતી ગઈકાલે અનેક સ્થળોએ મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ ગયો હતો.અને મોટાભાગનાં સ્થળોએ ૩૩ થી ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી ભારે તાપ પડી



રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે રાજયના અમુક જિલ્લાઓમાં કમૌસમી વરસાદની આગાહી કરી હતી. જેને પગલે શનીવારે મોડી રાત્રે વરસાદ વરસ્યો હતો. જિલ્લાની સરહદે આવેલા વિરમગામ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેની અસર રૂપે જિલ્લામાં રવીવારે સવારે વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતુ.

અને વિરમગામને અડીને આવેલા દસાડા તાલુકાના અમુક ગામોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો.જોકે, સવારે ૧૦ કલાક પછી જિલ્લાભરમાં સુર્યનારાયણે ફરી આકાશમાંથી અગન વર્ષા શરૂ કરી દીધી હતી.

હવામાન વિભાગ દ્વારા આજે તા. ૫ મેના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં પણ કમૌસમી વરસાદ વરસશે તેવી આગાહી કરી છે. જેમાં ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની શકયતા વર્ણવાઈ છે. બીજી તરફ વરસાદને લીધે ઉનાળુ તલના પાકને નુકશાન થવાની શકયતાથી ખેડુતોમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

જયારે સમગ્ર સોરઠમાં હવામાન વિભાગ ની આગાહી ને પગલે વાતાવરણમાં પલટો આવ્યો છે અને અસહ્ય ગરમી અને ધાબડીયુ વાતાવરણ હાલમાં જોવા મળે છે ત્યારે શું અહિં પણ વરસાદી માહોલ જોવા મળશે ખરો કે શું ? તેવી ભિતી ખેડૂતો સેવી રહ્યા છે તો બીજી તરફ ગયકાલે ગુજરાતમાં અનેક વિસ્તારોમાં માવઠારૂપી વરસાદ વરસ્યો હતો ત્યારે હવામાન વિભાગ ધ્વારા પાંચ અને છ તારિખે જૂનાગઢમાં પણ માવઠારૂપી વાતાવરણ સજોય તેવી સંભાવના વ્યક્ત કરી છે. ત્યારે આજે વહેલી સવારે થી વાતાવરણ ધાબડીયુ જોવા મળી રહીયુ છે અને અસહ્ય ગરમી અને ઉકળાટ અત્યારે જોવા મળે છે ત્યારે દિવસ દરમિયાન શું થશે તે જોવું રહ્યું છે.

તથા જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આગામી તા.૭ સુધી વરસાદી આગાહી વચ્ચે મહતમ તાપમાનનો પારો ૩૯ ડિગ્રી નોંધાયો હતો.જ્યારે લઘુતમ તાપમાન ૨૭.૮ ડિગ્રી રહ્યું હતી.તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા રહેતા ગરમી અને બાફનું જોર વધ્યું હતું.જ્યારે પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૮ કિમિ પહોંચી હતી.

## પાક.ના ગોળીબારનો ભારત દ્વારા જડબાતોડ જવાબ

### સતત ૧૧માં દિવસે એલઓસી પર યુદ્ધ વિરામભંગ

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતના કડક પગલાથી ઉશ્કેરાયેલા પાકિસ્તાનની સેના દ્વારા સતત ૧૧મા દિવસે એલઓસી પર યુદ્ધ વિરામનો ભંગ કરીને ફાયરીંગ કરવામાં આવી રહ્યું છે, જેનો ભારતીય સેના પણ ઉચીત જવાબ આપી રહ્યું છે.

પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પાસે આઠ અગ્રિમ સેકટરોમાં ઉશ્કેરણી વિના ફરીથી યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબારી કરી હતી. સામે પક્ષે ભારતીય સૈનિકોએ જડબાતોડ જવાબ આપી ફાયરીંગ કર્યું હતું.



એક સુરક્ષા પ્રવકતા દરમિયાન તા.૪ મે અને ૫ મે ની રાત્રે પાકિસ્તાની સેનાની ચોકીઓ સહિત જમ્મુ-કાશ્મીરના કૂપવાડા, બારામુલ્લા, પુછ, રાજૌરી, મેન્ટ, નૌશેરા, સુંદરબની અને અખનૂર સામેના વિસ્તારોમાં નિયંત્રણ રેખાની સામે પણ ઉશ્કેરણી વિના નિયંત્રણ રેખાના પારથી પાકિસ્તાની સૈન્યે ગોળીબારી કરેલી જેનો ઉચીત જવાબ ભારતના સૈનિકોએ આપેલો.

# મોરબીના રાપર પાસે લેમિટ પેપરમિલમાં ભયાનક આગ, ૧૫ કલાક બાદ પણ આગ ઉપર કાબૂ નહિ

## મેઝર કોલ જાહેર કરીને મોરબી ઉપરાંત હળવદ, ધ્રાંગધ્રા, રાજકોટ, ગોંડલ અને ધ્રોલથી ફાયર-ટીમોને બોલાવવી પડી

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા-હળવદ હાઈવે પર અણીયારી ટોલનાકા નજીક રાપર ગામ પાસે આવેલ લેમિટ પેપરમિલના ગોડાઉનમાં પડેલા અંદાજે ૧૨ હજાર ટન વેસ્ટ પેપરમાં ગઈકાલે બપોરે આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે મેજર કોલ જાહેર કરી વિવિધ શહેરોની ફાયર ટીમો બોલાવવી પડી હતી. આગને આજે સવારે ૧૫ કલાકના પ્રયાસ બાદ પણ માત્ર ૪૦ ટકા જ કાબૂમાં લઈ શકાય છે.

મોરબીના માળીયા-હળવદ હાઈવે પર અણીયારી ટોલનાકા નજીક રાપર ગામની સીમમાં આવેલી લેમિટ પેપરમિલમાં ગઈકાલે તા. ૪ મે, ૨૦૨૫ના રોજ સાંજે ૪ વાગ્યાના સુમારે ભયાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. પેપરમિલના ગોડાઉનમાં પડેલા લગભગ ૧૨ હજાર ટન જેટલા વેસ્ટ પેપરમાં આગ લાગી હતી, જેના કારણે આગ ઝડપથી વિકરાળ સ્વરૂપે ફેલાઈ હતી. પ્રાથમિક તબક્કામાં મોરબી ફાયર બ્રિગેડની બે ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ આગની તીવ્રતા વધુ હોવાને કારણે તાત્કાલિક મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હળવદ, ધ્રાંગધ્રા, રાજકોટ, ગોંડલ અને ધ્રોલ સહિત સુરેન્દ્રનગરથી પણ ફાયર ટીમો આગ બુઝાવવા માટે મંગાવવામાં આવી હતી. હાલમાં અંદાજે ૫ થી વધુ ફાયર ટીમો સતત પાણીનો મારો ચલાવી રહી છે. આજ રોજ સવારે ૭ વાગ્યા સુધી, એટલે કે લગભગ ૧૫ કલાકના સતત પ્રયાસ બાદ પણ આગમાં માત્ર ૪૦ ટકા કાબૂ મેળવ્યો હોવાની માહિતી મળી રહી છે, વધુ પડતા પવનને હિસાબે ફાયર વિભાગ દ્વારા કુલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેથી આગ વધુ ન ફેલાય અને આગનું પ્રમાણ પણ કાબૂમાં લઈ શકાય. આગના કારણે ધુમાડો અડધો કિલોમીટર દૂરથી પણ દેખાઈ રહ્યો છે.

મામલતદાર પરમારના જણાવ્યા અનુસાર ઘટના અંગે સંપૂર્ણ તપાસ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને પેપરમિલના ગોડાઉનમાં ફાયર સેફ્ટીના સાધનો હતા કે નહિ, તેના આધારે જવાબદારી નક્કી કરવામાં આવશે. પેપરમિલના માલિક રાજુભાઈએ જણાવ્યું હતું કે ગોડાઉનમાં પેપરનો મોટો જથ્થો હતો અને આગથી મોટું આર્થિક નુકસાન થવાની આશંકા છે. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. ફાયર વિભાગ અને સ્થાનિક તંત્ર આ આગને કાબૂમાં લેવા માટે સતત પ્રયત્નશીલ છે.

# હળવદના નવા દેવળીયા નજીક બંધ પડેલ ટ્રકના ઠાઠામાં ટ્રક ઘુસી જતા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ-માળીયા હાઈવે ઉપર નવા દેવળીયા ગામના બોર્ડ નજીક રોડ ઉપર બંધ પડેલ ટ્રકના ચાલકે કોઈ આડસ કે લાઈટ રીફલેક્ટર રાખ્યા વિના પોતાનો ટ્રક બંધ હાલતમાં રોડ ઉપર ઉભો રાખ્યો હોય તે દરમિયાન અમદાવાદ તરફથી આવતો એક ટ્રક આ બંધ પડેલ ટ્રકના પાછળના ભાગમાં અથડાઇ અકસ્માત સર્જાયો હતી, જેમાં ટ્રકના ઠાઠામાં ભટકાયેલ ટ્રકની કેબીનમાં દબાઈ જતા, ચાલકનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માતનો બનાવ બનતા, બંધ પડેલ ટ્રકનો ચાલક પોતાનો ટ્રક મૂકીને નાસી ગયો હતો, ત્યારે મૃતકના કુટુંબી કાકાની ફરિયાદને આધારે પોલીસે આરોપી બંધ પડેલ ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કચ્છના ગાંધીધામ ખાતે ગીતાંજલી ટ્રાન્સપોર્ટમાં રહેતા મૂળ રાજસ્થાનના બ્યાવર જીલ્લાના ગોગેલા ગામના વતની અર્જુનસિંહ નારાયણસિંહ રાવત ઉવ.૩૪ એ હળવદ પોલીસ મથકમાં આરોપી ટ્રક રજી.નં. આરજે-૪૮-જીએ-૦૫૩૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૪/૦૫ના રોજ રાત્રીના અર્જુનસિંહનો કુટુંબી ભત્રીજો મોકમસીંગ ખુમાનસીંગ રાવત ગીતાંજલી ટ્રાન્સપોર્ટની ટ્રક રજી.નં. જીજે-૦૩-બીવી-૬૬૧૮ અમદાવાદથી ગાંધીધામ કોલસો ખાલી કરીને આવતા હોય તે દરમિયાન હળવદ માળીયા હાઈવે રોડ ઉપર નવા દેવળીયા ગામના બોર્ડ પાસે આરોપીએ પોતાના હવાલાવાળી ટ્રક રાતના સમયે રોડ ઉપર બંધ પડી ગયેલ હોવા છતા, ટ્રકની પાછળની સાઈડમાં સીગ્નલ તેમજ કોઈ રીફલેક્ટર કે આડશ ન કરી હોય જેને કારણે ટ્રકના પાછળના ઠાઠામા ફરીયાદી અર્જુનસિંહના કુટુંબી ભત્રીજાએ ગાંધીધામ ગીતાજંલી ટ્રાન્સપોર્ટની ટ્રક ભટકાય જતા, ટ્રકના આગળની કેબીનનો બુકડો બોલી જતા, ટ્રક ચાલક મોકમસીંગ કેબિનમાં દબાઈ જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ ઉપર જ મરણ ગયેલ હોય. જ્યારે બંધ પડેલ ટ્રક ચાલક આરોપી પોતાના હવાલાવાળી ટ્રક સ્થળ ઉપર મુકી નાશી ગયો હતો. હાલ હળવદ પોલીસે આરોપી બંધ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની તપાસ શરૂ કરી છે.

# હળવદના ચરાડવા ગામે જુગાર રમતા ચાર ઈસમો રોકડા ૪૬ હજાર સાથે ઝબ્બે



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે બાતમીને આધારે હળવદ તાલુકાના ચરાડવા ગામે ચરાડવા ગામની સીમ મહાકાળી આશ્રમની સામે ખરાબામાં લીંબડાના છાયડા નીચે ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ચાર ઇસમોને ઝડપી લેવામાં આવ્યા હતા, જેમાં જુગારની મજા માણતા આરોપી યુવરાજસિંહ ભીખુભા ઝાલા રહે.રણછોડરાય મંદિર પાસે ચરાડવા ગામ તા. હળવદ, લવજીભાઇ નાથાભાઇ ગોહિલ રહે.જુની કે.ટી. મીલ પાસે ચરાડવા તા. હળવદ, મનસુખભાઇ જીવાભાઇ સોલંકી રહે.ચરાડવા ગામ તા. હળવદ તથા બાબુલાલ પંજાભાઇ પરમાર રહે.આંદરણા ગામ તા.જી.મોરબી વાળાને રોકડા રૂ.૪૬,૦૦૦/- સાથે રંગેહાથ પકડી લઈ, તમામ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના વિરપરથી ભીમગુડા જવાના રસ્તે દેશી દારૂની ચાલુ ભઠ્ઠી સાથે એક પકડાયો, એક નાસી છૂટ્યો

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે વિરપરથી ભીમગુડા જવાના રસ્તે પાણીના ખાડા પાસે રેઈડ કરી હતી, જ્યાં ખરાબામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લેવામાં આવી હતી, રેઈડ દરમિયાન પોલીસને જોઈને બન્ને આરોપીઓમાં નાસભાગ મચી ગયી હતી, ત્યારે પોલીસે બે પૈકી એકને પકડી લીધો હતો, જ્યારે બીજો નાસી છૂટ્યો હતો, પોલીસે સ્થળ ઉપરથી ગરમ-ઠંડો આથો, ગરમ દેશી દારૂ તથા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીના સાધનો સહિત ૨૬,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મળતી માહિતી અનુસાર, વાજનેર તાલુકા પોલીસને બાતમી મળી કે તાલુકાના વિરપર ગામથી ભીમગુડા ગામ જવાના રસ્તે પાણીના ખાડાઓ પાસે ખરાબાની જમીનમાં ભુદરભાઈ ડાંગરોચા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે, જે બાતમીને આધારે તુરંત ઉપરોક્ત સ્થળે વાંકાનેર તાલુકા પોલીસે રેઈડ કરી હતી, જ્યાં પહોચતા પોલીસને જોઈ ભુદરભાઈ તથા તેની સાથેનો ઈસમ ભાગવા લાગ્યા હતા, જેથી પોલીસે તેનો પીછો કરતા મુખ્ય આરોપી બાવળની કાંટ અને લાની ભરેલા ખાડાનો લાભ લઈને નાસી ગયો હતી, જ્યારે આરોપી ડાયાભાઇ મનજીભાઈ વીંજવાડીયા ઉવ.૫૦ રહે.ઓળ ગામ તા.વાંકાનેર વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ગરમ આથો ૧૦૦ લીટર કિ.રૂ.૨૫૦૦/-, ઠંડો આથો ૪૦૦ લીટર કિ.રૂ.૧૦,૦૦૦/-, ગરમ દેશી દારૂ ૪૦ લીટર કિ.રૂ.૮,૦૦૦/- તથા દેશી દારીની ભઠ્ઠીની સાધન સામગ્રી કિ.રૂ.૫,૭૦૦/- એમ કુલ મળી કિ.રૂ.૨૬,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

બીજીબાજુ દેશી દારૂની ભઠ્ઠીનો મુખ્ય સંચાલક આરોપી ભુદરભાઈ ચોથાભાઈ ડાંગરોચા રહે.વિરપર ગામ તા.વાંકાનેર વાળાને ફરાર જાહેર કરી, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી, ભાગી છુટેલ આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

# મોરબી માળીયા ફાટક ઓવરબ્રિઝ ઉપર રીક્ષામાંથી ૩૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો, ચાલક ફરાર

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં માળીયા ફાટક નજીક ઓવરબ્રિઝ ઉપરથી પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમ દ્વારા રીક્ષામાંથી દેશી દારૂનો ૩૦૦ લિતરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે પોલીસને જોઈ રીક્ષા-ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી છૂટ્યો હતો. હાલ પેરોલ ફરલી સ્ક્વોડ ટીમ દ્વારા રીક્ષા તેમજ દેશી દારૂ એમ કુલ ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ, નાસી ગયેલ આરોપી રીક્ષા-ચાલક વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન માળીયા ફાટક નજીક, માળીયા તરફથી આવતી શંકાસ્પદ રીક્ષાને રોકવા ઈશારો કરતા, રીક્ષા ચાલકે પોતાનું વાહન પુરપાટ સ્પીડમાં માળીયા ફાટક ઓવરબ્રિઝ તરફ જવા દીધું હતું, જેથી તુરંત પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા રીક્ષાનો પીછો કરવામાં આવતા, રીક્ષા ચાલક પોતાના હવાલાવાળી રીક્ષા ઓવરબ્રિઝ ઉપર સાઈડમાં રાખીને નાસી છૂટ્યો હતો, જેથી પોલીસે સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૨૨૮૬ ની તલાસી લેતા, તેમાં પ્લાસ્ટિકના બાચકામાં ભરેલ ૩૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૬૦ હજાર મળી આવ્યો હતો, આથી પેરોલ ફર્લો સ્ક્વોડ સીએનજી રીક્ષા તેમજ દેશી દારૂનો જથ્થો જેની કુલ કિ.રૂ.૧,૧૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી, નાસી છુટેલ આરોપી રીક્ષા-ચાલકને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં વધુ એક બુટલેગર પાસાના પિંજરે પુરાયો

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર શહેરમાં અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હાઓમાં ઝડપાયેલા વધુ એક બુટલેગરની પાસા દરખાસ્ત મંજુર થતા, આરોપીને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા પાસા વોરંટની બજવણી અંતર્ગત અટક કરી ભાવનગર મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.



રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને મોરબીના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી દ્વારા જીલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા ઇસમો વિરુદ્ધ કડક પગલાં લેવાની સૂચના આપી હતી. આ સૂચના અંતર્ગત, વાંકાનેર ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક વી.બી. દલવાડીના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હાઓમાં ઝડપાયેલ અમીર ઉર્ફે કાળુ અબ્દુલભાઈ મોગલ ઉવ.૪૨ રહે. ચંદ્રપુર નવા માર્કેટ યાર્ડ પાસે વાંકાનેર વિરુદ્ધ જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબી દ્વારા પાસા વોરંટ મંજુર કરાયેલો હતો.

ત્યારે વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન પોલીસે ખાનગી બાતમીના આધારે આરોપી અમીર ઉર્ફે કાળુને ચંદ્રપુર માર્કેટ યાર્ડ પાસેથી પકડ્યો હતો, જ્યાં તે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં મળી આવતા, તેની વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન એક્ટ હેઠળ પણ અલગ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ બાદ પાસા વોરંટની કાર્યવાહી સબબ આરોપી અમીર ઉર્ફે કાળુને મધ્યસ્થ જેલ, ભાવનગર ખાતે જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબીમાં કોંગ્રેસ દ્વારા ''સંવિધાન બચાવો યાત્રા''નું આયોજન

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાની આગેવાની હેઠળ ''સંવિધાન બચાવો યાત્રા''નું આયોજન મોરબી શહેરમાં તા. ૫ મે, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું છે. આ યાત્રા સવારે ૧૦ વાગે પોસ્ટ ઓફિસ પાસે સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમાથી શરૂ થઈ મહાનગરપાલિકા કચેરી સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સુધી જશે. મોરબી શહેરમાં લોકશાહી અને સંવિધાનના રક્ષણ માટે કોંગ્રેસ દ્વારા એક વિશેષ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ આપેલ માહિતી મુજબ, ''સંવિધાન બચાવો યાત્રા'' તા. ૦૫/૦૫/૨૦૨૫ના સોમવારના રોજ યોજાશે. યાત્રાની શરૂઆત સવારે ૧૦૦૦ વાગે પોસ્ટ ઓફિસ નજીક સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમાથી થશે. અહીંથી કોંગ્રેસ સમિતિના કાર્યકરો, સમર્થકો તથા નાગરિકો શાંતિપૂર્ણ રેલી સ્વરૂપે મહાનગરપાલિકા કચેરી ખાતે આવેલા ડો. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સુધી પહોંચશે, તેમ યાદીમાં જણાવાયું છે.

### મોરબી વાંકાનેર દરવાજા પાસે ઈંગ્લીશ દારૂની બોટલ સાથે એક પકડાયો

મોરબી શહેરના લખધીરવાસ ચોક નજીક વાંકાનેર દરવાજા પાસે પાણીના ટાંકાની બાજુમાં શંકાસ્પદ હાલતમાં થેલી લઈને ઉભેલ એક શખ્સને સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા રોકી, તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ. ૬૯૬/- મળી આવી હતી, આ સાથે આરોપી દર્શીત સુરેશભાઈ પારેખ ઉવ.૨૪ રહે.શેઠની વખાર પારેખ શેરી મોરબી વાળાની સ્થળ ઉપરથી એ ડિવિઝન પોલીસે અટકાયત કરી, આરોપી વિરુદ્ધ પ્રોહિ.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાંકાનેર ગ્રીન ચોક પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા ત્રણ ઈસમો રોકડા રૂ.૧૦,૩૦૦ સાથે પકડાયા

વાંકાનેર ટાઉનના ગ્રીન ચોક પાસે ખોજાખાના પાછળ આવેલ ખુલ્લા પટ્ટમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા અશરફભાઈ કરીમભાઈ રફાઈ ઉવ.૨૮, જુમાભાઈ સુલેમાનભાઈ રફાઈ ઉવ.૨૪બન્ને રહે.ટંકારા ખારા વિસ્તાર કલ્યાણપુર રોડ તથા નિજામભાઈ ફકીરમામદભાઈ રફાઈ ઉવ.૨૨ રહે. મોરબી વીસીપરા વાળાને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી રોકડા ૧૦,૩૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હળવદના માલણીયાદ ગામે વાડીમાં કૂવાના પાણીમાં ડૂબી જતાં ખેડૂત યુવકનું મૃત્યુ

હળવદ તાલુકાના નવા માલણીયાદ ગામે રહેતા કૌશીકભાઈ હિંમતભાઈ ડાભી ઉવ.૨૦ ગઈકાલ તા.૦૪/૦૫ ના રોજ માલણીયાદ ગામે આવેલ પોતાની વાડીએ હોય તે દરમિયાન કોઈ કારણસર પોતાની વાડીમા આવેલ પાણી ભરેલ કુવામા પડી જતા ડુબી જતા કૌશીકભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મરણ જનારની લાશ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, હાલ હળવદ પોલીસની તપાસમાં મૃતકના કુટુંબીજન હસમુખભાઇ અંબારમભાઇ ડાબી ઉવ.૫૦ પાસેથી મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં NEET (UG)-2025ની પરીક્ષા પૂર્ણ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જીલ્લામાં વિવિધ ૫ કેન્દ્રો ખાતે યોજવામાં આવેલ NEET (UG)-2025ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ છે. કુલ ૧૯૦૪ વિદ્યાર્થીઓ પૈકી ૩૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. અને ૧૮૭૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે યોગ્ય તમામ વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.ઉનાળા દરમિયાન NEETની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા કલેકટરશ્રી કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ એસ.ટી. વિભાગ જામનગર દ્વારા પરીક્ષા કેન્દ્ર અલિયાબાડા તથા વાલસુરા માટે વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. એસ.ટી. ડેપો જામનગર ખાતેથી સવારે ૧૦ કલાકે બસ ઉપડી હતી તથા પરિક્ષા પૂર્ણ થયે પરિક્ષાર્થીઓને જામનગર પરત લાવવામાં આવ્યા હતા.એસ.ટી.બસની સુવિધાથી પરીક્ષા કેન્દ્ર ખાતે સમયસર પહોચી તે બદલ તંત્રનો આભાર કછટીયા મીરાં (વિદ્યાર્થીની)ખંભાળિયાથી જવાહર નવોદય વિદ્યાલય અલીયાબાડા ખાતે NEET (UG)-2025ની પરીક્ષા આપવા પહોચેલી વિદ્યાર્થીની કછટીયા મીરાં જણાવે છે કે તેઓ ખંભાળિયાથી બસ મારફતે જામનગર પહોચ્યા હતા. અને ત્યાંથી એસ.ટી. વિભાગ દ્વારા પરીક્ષા સ્થળ સુધી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ બસની સુવિધાથી હું સમયસર સલામત રીતે પરીક્ષા સ્થળે પહોચી ગઈ હતી.અને સમય બચ્યો હતો. પરીક્ષા આપ્યા બાદ પણ જામનગર પરત પહોચાડવા બદલ હું જામનગર જીલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરું છું.

# મોરબીમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાનામા બે શખ્સો ઝડપાયા

## સ્પાના ઓઠા હેઠળ અપાતી હતી લલનાઓ સાથે શરીર સુખ માણવાની સુવિધા અપાતી હતીઃ બી ડિવિઝન પોલીસે સર્કિટ હાઉસ પાસે સનમૂન સ્પામાં દરોડો પાડયો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં સર્કિટ હાઉસ પાસે સ્પાની આડમાં ચાલતા કુટણખાના ઉપર બી ડિવિઝન પોલીસે દરોડો પાડી છાનગપતીયા ખુલ્લા પાડી સ્પાના બે માલિકોની ધરપકડ કરી હતી.

મોરબી સિટી બી ડિવિઝન પોલીસે બાતમીને આધારે મોરબીમાં સર્કિટ હાઉસ પાસે વિકાસ ચેમ્બરમાં આવેલ સનમૂન સ્પામા દરોડો પાડતા સ્પા સંચાલક ભાવેશભાઈ સદાશીવભાઈ ખમકાર તથા સહુલભાઈ વિનોદભાઈ સોલંકી સાથે મળી આર્થીક લાભ માટે બહારની મહિલાઓ રાખી ગ્રાહકો બોલાવી તેઓને બોડી મસાજના ઓઠાતળે દેહ વિક્રયની પ્રવૃત્તિ કરાવતા હોવાનું સામે આવ્યું હતુ.દરોડા દરમિયાન સ્પામાં ચાલતા ગેરકાનુની કૃત્ય ખુલ્લા પડતા પોલીસે આરોપી ભાવેશભાઈ સદાશીવભાઈ ખમકાર ઉં.વ. ૩૦ (સ્પાના માલીક ) અને રાહુલભાઈ વિનોદભાઈ સોલંકી ઉ.વ.૨૬ (સ્પાના માલીક)ને ઝડપી લઈ બન્ને વિરુદ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જસદણના ચોટીલા રોડ પર જીલેશ્વર પાર્ક પાસેના બિસ્માર રોડથી અકસ્માતનો ભય

**મુખ્ય સમાચાર,જસદણ**
**(બિજલ ભેસજાળીયા)**

જસદણમાં ચોટીલા રોડ પર જીલેશ્વર પાર્કની બરાબર સામે છેલ્લા ઘણા સમયથી રોડની હાલત અત્યંત ખરાબ જોવા મળી રહી છે. રોડ પર મસમોટા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો માટે આ માર્ગ જોખમી બની ગયો છે. ચોટીલા રોડ એ અનેક ગામો અને શહેરોને જોડતો મહત્વનો માર્ગ છે. જેના કારણે આ રોડ પર દરરોજ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે. રોડ પર પડેલા આ મોટા ખાડાઓના લીધે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને અકસ્માત થવાની સંભાવના પણ વધી ગઈ છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ રોડ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા જસદણ નગરપાલિકાને વારંવાર રજૂઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ રોડનું સમારકામ કરવામાં આવ્યું નથી. આથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જેથી જસદણ પાલિકા તાત્કાલિક ધોરણે આ બાબતને ધ્યાનમાં લે અને જીલેશ્વર પાર્કની સામે ચોટીલા રોડ પર પડેલા આ ખાડાઓનું સમારકામ કરાવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે, જેથી કોઈ જાનહાનિ ન થાય.

# જામનગરમાં જીવ સેવા ફાઉન્ડેશન દ્વારા કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે ૬૦૦ પાણીના કુંડા અને ઘરનું વિતરણ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે ૬૦૦ પાણીના કુંડા અને ઘરનું વિતરણ.દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જેમાં હવે અબોલ પક્ષીઓ.સંસ્થાઓ અબોલ પશુઓ માટે જુદી જુદી રીતે સેવાકીય કાર્ય કરે છે. તે જ રીતે,જીવ સેવા ફાઉન્ડેશન સભ્યો દ્વારા કાળઝાળ ગરમી અને તડકામાં પક્ષીઓને પાણી મળે તે માટે જામનગરમાં ૬૦૦ થી વધુ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.૬૦૦ થી વધુ ચકલીના ઘરનું નિઃશુલ્ક વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં સહયોગથી રાજકોટની સરકારી કચેરીઓમાં બોર રિચાર્જિંગ શરુ કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જળ સંચયની કામગીરી કરવા સરકાર કટિબદ્ધ છે, આ કામગીરીમાં વિવિધ સંસ્થાઓ પણ જોડાઈને પોતાનો સહયોગ આપી રહી છે. ત્યારે ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં સહયોગથી રાજકોટની સરકારી કચેરીઓમાં બોર રિચાર્જિંગ શરુ કરાયું હતુ. ભારત સરકારના જળ મંત્રાલયના પ્રત્યક્ષ માર્ગદર્શનમાં અને રાજ્ય સરકારનાં સંકલનમાં જળ સંચયની પરિણામલક્ષી પ્રવૃત્તિમાં વિવિધ સંસ્થાઓ તેમજ લોકો સ્વયંભૂ જોડાઈ રહ્યા છે. ત્યારે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૬૫૦થી વધુ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ સ્થિત સરકારી કચેરીઓમાં આજથી બોર રિચાર્જિંગ શરુ કરવામાં આવ્યું હતુ. કલેકટર પ્રભવ જોશીના પ્રત્યક્ષ સંકલનમાં અધિકારીઓ પણ આ બોર રિચાર્જિંગમાં જોડાયા હતા. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની સંકલ્પના પ્રમાણેનું ઉમદા કાર્યનો આજથી પ્રારંભ થયો હતો.

# ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડિયોલોજી દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર ખાતે ઓરલ મેડિસિન અને રેડિયોલોજી વિભાગ દ્વારા ઉત્સાહભેર.રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડિયોલોજી દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બે વિશેષ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રથમ સ્પર્ધા,ડિબેટ કોમ્પિટેસન નો વિષય હતો ડેન્ટિસ્ટ્રીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વરદાન કે અભિશાપ? જે વિષય પર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ૪૦ સ્પર્ધકોએ આત્મવિશ્વાસ અને જોશ સાથે પોતાના વિચારો રજૂ કર્યા હતા. બીજી સ્પર્ધા ''આર્ટ ઇન રેડિયોલોજી'' હતી, જેમાં વિવિધ વસ્તુઓના એક્સ-રે ચિત્રોને કલાત્મક રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત હોટેલ સયાજી ખાતે હેડ અને નેકના કેન્સરના નિદાન અને સારવાર અંગે બે માહિતીપ્રદ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ડૉ.સુહાસ મંગરુલકાર અને ડૉ.અબ્દસ સમીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વ્યાખ્યાનના અંતે, બંને સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ડીન ડૉ.નયનાબેન પટેલની દેખરેખ હેઠળ અને વિભાગના વડા ડૉ. રીટા ઝાના માર્ગદર્શનમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ઓરલ મેડિસિન અને રેડિયોલોજી વિભાગના તમામ ડોક્ટરો, ડૉ. અભિષેક નિમાવત, ડૉ. કાજલ શીલું અને ડૉ. ફોજીયા પઠાણે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# કોકલીયરનું ૯ લાખનું ઓપરેશન આર.બી.એસ.કે.માં વિનામૂલ્યે થતાં શ્રીની મુક-બધિરતાની ક્ષતિ દૂર થઈ

## લોધિકાના કાંગશીયાળીના પરિવારમાં દીકરીની બોલી સાંભળીને બેવડો આનંદ છવાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**
**સાફલ્ય ગાથાઃ સંદીપ કાનાણી**

એનું નામ શ્રી... કાંગશીયાળીના સામાન્ય પરિવારમાં વ્હાલી દીકરી જન્મી ત્યારે આનંદ નહોતો સમાતો. બાળકી થોડી મોટી થતાં મુક-બધિરતાની ક્ષતિ ધ્યાનમાં આવતા પરિવારના પગ નીચેથી ધરતી સરકી ગઈ. શ્રીની કાલી-ઘેલી બોલી સાંભળવા પરિવાર તલસતો. આખરે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (R.B.S.K.) હેઠળ રૂપિયા આઠ-નવ લાખનું કોકલીયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન વિનામૂલ્યે થતાં પરિવાર ગદગદ થઈ ગયો. આજે શ્રીની સ્પીચ-હિયરિંગ થેરાપી ચાલી રહી છે અને તેની કાલીઘેલી બોલી સાંભળી પરિવારમાં ખુશીઓ છ્લકાઈ ઊઠે છે.

આ વાત છે લોધિકા તાલુકાના કાંગશીયાળી ગામના બારડ પરિવારની. માનસિંઘભાઈ બારડ સામાન્ય નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ઘરે બે વર્ષ પહેલાં ૨૧મી નવેમ્બર ૨૦૨૩ના રોજ સુંદર દીકરીનો જન્મ થયો. પરિવારે હરખભેર શ્રી નામ પાડ્યું. આડોશી-પાડોશી તથા સગા-વ્હાલાં સૌ કોઈ શ્રીને રમાડવા ખૂબ જ વ્હાલથી ઊંચકી લેતા.

ધીમે ધીમે શ્રી એક વર્ષની થઈ ત્યારે તેના હાવભાવ, પ્રતિક્રિયા, હલનચલન વગેરેના અવલોકનમાં તેને બોલવા-સાંભળવામાં તકલીફ હોવાનું પરિવારના ધ્યાનમાં આવ્યું. દરમિયાન ૨૨મી નવેમ્બર ૨૦૨૪ના રોજ ગામના આશાવર્કર સર્વે માટે આવ્યા. તેમના ધ્યાને આ વાત આવી. એ પછી તેમણે તુરંત જ આર.બી.એસ.કે. ટીમને જાણ કરી.

ત્યારબાદ આર.બી.એસ.કે ટીમે માનસિંઘભાઈના ઘરની મુલાકાત લઈને બાળકીનું સ્ક્રિનિંગ કર્યું. જેમાં બાળકી જન્મથી જ મૂક-બધિરતાની ક્ષતિ ધરાવતી હોવાનું સામે આવ્યું. આ જાણીને શ્રીના પરિવારજનો દુઃખી થઈ ગયા. દરમિયાન આર.બી.એસ.કે. ટીમના ડૉ. મોહિતસિંહ જાડેજા અને ડો.શાહેન અઘામે સહાનુભૂતિપૂર્વક આ પરિવારનું કાઉન્સેલિંગ કર્યું અને અનેક બાળકો આવી તકલીફમાંથી સ્વસ્થ બન્યા હોવાના કિસ્સા સંભળાવ્યા. બાળકીના માતા-પિતાને આશ્વાસન અપાયું કે, યોગ્ય સારવાર થકી બાળકી ખૂબ જ ઝડપથી સાંભળતી અને બોલતી થઈ જશે.

પરંતુ સારવાર-ઓપરેશન માટે સરેરાશ આઠ-નવ લાખ રૂપિયાની વ્યવસ્થા કેવી રીતે કરવી? નોકરીમાંથી થતી નાની આવકમાંથી ઘરનું પૂરું થતું હોય ત્યાં આટલા મોટા ખર્ચને કેમ પહોંચવું? તેની ચિંતા પરિવારને સતાવવા લાગી.

જો કે આર.બી.એસ.કે.ની ટીમે સમજાવ્યું કે, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા આ પ્રકારની ખામીવાળા બાળકોની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે, જેથી તમે કોઈપણ જાતની ચિંતા કરશો નહીં.

એ પછી બાળકીને ૨૫મી નવેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટ પીડીયુ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવી. અહીં ઈએનટી વિભાગના નિષ્ણાત તબીબો અને સ્ટાફની મદદથી તેનું નિદાન કરવામાં આવ્યું. એ પછી ૨૮ જાન્યુઆરી,૨૦૨૫ રોજ (ગુજરાત મેડિકલ એન્ડ રીસર્ચ સોસાયટી) મેડિકલ કોલેજ સોલા-અમદાવાદ ખાતે બાળકીનું કાનનું કોકલીયર ઈમ્પ્લાન્ટનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. હાલ બાળકીને સ્પીચ અને હિયરિંગ થેરાપી આપવામાં આવી રહી છે. આ જોઈને તેના પરિવારમાં આનંદ છવાઈ ગયો છે.

બાળકીની સારવારની ઉત્તમ વ્યવસ્થા જોઈને શ્રીના માતા-પિતા ખૂબ જ ભાવવિભોર થઈ ગયા હતા. તેમણે આરોગ્ય તંત્ર, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને તેની સાથે જોડાયેલા તમામ તબીબો અને આર.બી.એસ.કે ટીમના સદાય ઋણી રહેશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં આર.બી.એસ.કે.નો લાભ જરૂરિયાત ધરાવતાં તમામ બાળકોને મળે તે માટે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. આર.આર. ફુલમાલીના માર્ગદર્શનમાં સમયાંતરે મુલ્યાંકન કરીને સઘન રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

# સરહદી તનાવ વચ્ચે કચ્છમાં ત્રણ દિવસની ક્રાઈમ કોન્ફરન્સ



**મુખ્ય સમાચાર,અમદાવાદ**

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે ગંભીર ટેન્શન વચ્ચે ગુજરાતના સરહદી જીલ્લા એવા કચ્છમાં ત્રણ દિવસની ક્રાઈમ કોન્ફરન્સ બોલાવવામાં આવી છે.

ગુજરાતના પોલીવડા વિકાસ સહાય આગામી મહિને નિવૃત થવાના છે તે પૂર્વે કચ્છમાં ત્રણ દિવસની ક્રાઈમ કોન્ફરન્સ નકકી કરવામાં આવી છે. પોલીસ બેડામાં આ મામલે જુદા-જુદા અભિપ્રાય ઉઠવા લાગ્યા છે. અધિકારીઓનો એક વર્ગ એવો સવાલ ઉઠાવે છે કે એક બાજુ બળબળતો ઉનાળો છે અને રણપ્રદેશ હોવાના કારણોસર કચ્છમાં હીટવેવ જેવી હાલત રહેતી હોય છે.

બીજી તરફ પહેલગામ હુમલા બાદ સર્વત્ર હાઈએલર્ટ છે અને ગેરકાયદે વસતા પાકિસ્તાની-બાંગ્લાદેશી તથા રાષ્ટ્ર વિરોધી તત્વો પર ઘોસ બોલાવવા સાથે તેઓના ગેરકાયદે બાંધકામો પર તવાઈ બોલાવવામાં આવી રહી છે.

તેવા સમયે રાજયભરનાં જીલ્લા પોલીસ વડા, આઈજી સહીત તમામ આઈપીએસ અધિકારીઓને એક સ્થળે એકત્રિત કરાય ત્યારે કોઈ સ્થળે કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં દોડધામ થઈ શકે છે.

જોકે,અધિકારીઓનો એક વર્ગ એવુ માને છે કે સરહદી વિસ્તારની આ બેઠકથી કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં ફાયદો થશે. સુત્રોએ એમ પણ કહ્યું કે પોલીસવડા વિકાય સહાયને એક્સટેન્શન મળવાની વાત છે. છતાં સરકાર તરફથી હજુ સુધી કોઈ સંકેત અપાયા નથી.

# જાણીતાં તબીબ ડો.લાલાણી દંપતિના પુત્રવધૂ ડો. પંક્તિ પરીખની અનેરી સિદ્ધિઃ D. M(Endocrinology)મા કર્ણાટક રાજયમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ડો. પંક્તિ પરીખે માર્ચ ૨૦૨૫ માં લેવાયેલ મેડિકલની સર્વોચ્ચ સુપર સ્પેશિયાલિટી પરીક્ષા D.M. (Endocrinology) ૭૧.૬૩% સાથે કર્ણાટક રાજ્યમાં પ્રથમ નંબરે પાસ કરીને ગૌરવ વધાર્યું છે. કર્ણાટકની રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સમાં (RGUHS) પ્રથમ નંબર મેળવેલ છે. ડો. પંક્તિ પરીખે જાન્યુઆરી ૨૦૨૨ માં D.M. (Endocrinology એન્ડોક્રિનોલોજી) ની નીટ સુપર સ્પેશિયાલિટી પરીક્ષા ઓલ ઈન્ડિયા રેન્ક ૨૨ અને ગુજરાતમાં ૧ રેન્ક સાથે પાસ કરીને બેંગ્લોરની St. John's મેડિકલ કોલેજમાં D.M. (Endocrinology)માં ઓપન મેરીટમાં એડમિશન લીધેલ. ડો. પંક્તિ પરીખે M.D. (Medicine)નો અભ્યાસ અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાંથી કરેલ છે. ત્યાર બાદ મણિપાલની કસ્તુરબા મેડિકલ કોલેજના મેડિસીન વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવેલ. ઉલ્લેખનીય છે કે ડો લાલાણી દંપતિના પુત્ર ડો. કન્હાઈ લાલાણીએ સપ્ટેમ્બર ૨૦૨૧માં D.M. (Cardiology -કાર્ડિયોલોજી)ની પરીક્ષા પાસ કરેલ છે. ડો. કન્હાઈ લાલાણીએ મેડિકલની તમામ પરીક્ષાઓ યુનિવર્સિટીમાં ટોપ રેન્ક સાથે અને મોટાભાગની ડિસ્ટીશન માર્કર્સ સાથે પાસ કરેલ અને હાલમાં કસ્તુરબા મેડિકલ કોલેજ મણિપાલમાં કાર્ડિયોલોજી વિભાગમાં એસોશિયેટ (Associate) પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. ડો. રાજેન્દ્ર લાલાણી - સિનિયર પેથોલોજીસ્ટ, રાજકોટ આઈ.એમ.એ. અને ગુજરાત પેથોલોજીસ્ટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ છે. ડો. અમિતાબેન લાલાણી એમ.ડી. (સ્કીન) છે. આખો પરિવાર અમદાવાદની બી.જે મેડિકલ કોલેજમાંથી ઓપન મેરીટમાં ટોપ રેન્ક સાથે ભણેલ છે.

# ટ્રેનમાં ઉપલેટાની મહિલાના બાવીસ લાખ રૂપિયાના દાગીના ચોરાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

બેંગ્લોરથી રાજકોટના ટ્રેનના પ્રવાસ દરમ્યાન ઉપલેટા તાલુકાના ગઘેથડ ગામમાં રહેતાં ૩૪ વર્ષનાં ભારતી વાળાના આશરે બાવીસ લાખ રૂપિયાના દાગીના વસઈ રેલવે-સ્ટેશનથી ચોરી કરીને નાસી જનારા ૫૯ વર્ષના સચ્ચિદાનંદ દુબેની વસઈ ગવર્નમેન્ટ રેલવે પોલીસએ તેલંગણના સાંગરેડ્ડી જિલ્લામાંથી ધરપકડ કરી હતી. આરોપી પાસેથી પોલીસે કડક તપાસ કરીને ૨૧.૭૦ લાખ રૂપિયાના દાગીના પણ રિકવર કર્યા છે. ૧૧ એલિ ભારતીબહેન પ્રસંગ નિમિતે બૅન્ગલોર ગયાં હતાં. ત્યાંથી ટ્રેનમાં ઘરે પાછાં ફરી રહ્યાં હતાં એ સમયે ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો.

આટલી મોટી ચોરીની ફરિયાદ નોંધાતાં ચોરને પકડવા માટે જીઆરપીએ વિવિધ ટીમો બનાવી હતી અને ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને ચોરને પકડવામાં સફળતા મળી હતી.

# રાજકોટ મનપાની જુનિયર ક્લાર્ક સંવર્ગની જગ્યાઓની ભરતી માટે લેખિત પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન : કુલ-૬૦૫૨૫ ઉમેદવારો પૈકી ૨૭૯૨૭ ઉમેદવારો ગેરહાજર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓની જુનિયર ક્લાર્ક સંવર્ગની ૧૨૮ ખાલી જગ્યા ભરવા માટેની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના રાજકોટ શહેર, અમદાવાદ શહેર અને વડોદરા શહેર ખાતે આયોજન કરવામાં આવેલ, રાજકોટ મહાનગરપાલિકાની અતિ મહત્વની આ પરીક્ષામાં રાજકોટ શહેરમાં ૧૧૧ કેન્દ્રો, અમદાવાદ શહેરમાં ૮૭ કેન્દ્રો તેમજ વડોદરા શહેરમાં ૨૭ કેન્દ્રો, એકંદરે કુલ-૬૦૫૨૫ જેટલા બહોળા પ્રમાણમાં ઉમેદવારોએ અરજી કરેલ હોવાથી જુદા-જુદા શહેરો ખાતે કુલ ૨૨૫ જેટલા પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવેલ. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૬૦૫૨૫ ઉમેદવારોમાંથી અંદાજિત ૩૨૫૯૮ ઉમેદવારો દ્વારા પરીક્ષા



આપવામાં આવેલ અને અંદાજિત ૨૭૯૨૭ ઉમેદવારો પરીક્ષામાં ગેરહાજર રહેલ હતા.

ઉમેદવારોને પરીક્ષા સમયના ૧(એક) કલાક પહેલા પરીક્ષા ખંડમાં વિડીયોગ્રાફી કરીને એન્ટ્રી આપવામાં આવેલ તેમજ પરીક્ષા ખંડમાં મોબાઈલ, ઈલેક્ટ્રોનીક્સ ગેઝેટ, કેલ્ક્યુલેટર, અને સ્માર્ટ વોચ, સાથે લઈ જવા પર મનાઈ કરવામાં આવેલ.

આમ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૫/૨૦૨૫ નાં રોજ યોજાયેલ જુનિયર ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલ છે. આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની વેબસાઈટ પર આગામી સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જાણ કરવામાં આવે છે.

# જિલ્લા વિકાસ અધિકારીના એક ઉમદા વિચારથી ૧૮૧ બાળકોનું ભવિષ્ય સુંદર બનશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદનાં અધ્યક્ષ સ્થાને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એશોશિએશનની ઓફિસ શાપર ખાતે બેઠક યોજી શાળા બહારના બાળકોનો સર્વે કરવા શિક્ષણ વિભાગનાં અધિકારીઓને સુચના આપી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં સર્વે કરાયો હતો. જેમા ૧૮૧ બાળકો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ માં નજીકની પ્રાથમિક શાળાઓમાં નામાંકન કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે.

ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં રોજગારી અર્થે વસવાટ કરતા પરીવારોના બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે શાળા બહારના બાળકોનો સર્વે કરવાની સુચના શિક્ષણ વિભાગનાં અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદએ સૂચના આપી હતી.

જેના અનુસંધાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ દ્વારા શાપર વેરાવળની તમામ શાળાઓના આચાર્યો,સીઆરસી કો-ઓર્ડીનેટર, બીઆરસી કો-ઓર્ડીનેટર સાથે મિટિંગ કરી, શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમનું શાળામાં નામાંકન કરવા અંગેની તાકીદ કરી હતી. આ ઉમદા વિચારને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે લઇ શિક્ષકોએ આ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં સર્વે કરતા ૧૮૧ બાળકો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ માં નજીકની પ્રાથમિક શાળાઓમાં નામાંકન કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારી રાજકોટ અનંદુ સુરેશ ગોવિંદનાં આ ઉમદા વિચારની સરાહના થઇ રહી છે.

# આધુનિક કલાકારીને મળ્યો સરસ મેળાનો સંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**
**આલેખનઃ માર્ગી મહેતા**

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સખી મંડળ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. સખી મેળા ગ્રામ્ય મહિલાઓ માટે રોજગાર અને આત્મવિશ્વાસનું સાધન બની રહ્યા છે. જેનું ઉત્તમ ઉદાહરણ છે જય દ્વારકાધીશ સખી મંડળ.

રાજકોટ શહેરમાં આયોજિત સરસ મેળામાં સ્ટોલધારક, રાજકોટ તાલુકાના તરઘડીયા ગામના શ્રી પ્રિયંકાબેન વાઘેલા જણાવે છે કે, ૦૨ વર્ષથી સખી મંડળ સાથે સંકળાયેલી છું. જય દ્વારકાધીશ સખી મંડળમાં કુલ ૧૦ બહેનો જોડાયેલા છીએ. દર મહિને નિયત રકમની બચત કરીએ છીએ. રીવોલ્વિંગ ફંડ રૂ. ૩૦ હજાર અને રૂ. ૧.૫ લાખની લોન મળી છે. અગાઉ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના લોકમેળામાં ૦૩ લાખથી ૩.૫ લાખ જેટલો નફો થયો હતો. અમે મંડળની બહેનો ઈમિટેશન જ્વેલેરી બનાવીએ પણ છીએ અને તેનું વેચાણ પણ કરીએ છીએ. ઈમિટેશનના વ્યવસાયને સખી મેળાનો મંચ આપવા માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર.



આમ, ગુજરાત સરકારની મહિલા સશક્તિકરણની યોજનાઓ અને ગામસ્તરે મળતી સહાય ગ્રામીણ મહિલાઓની કળાને નિખારવાના દરવાજા ખોલી રહી છે. સખી મંડળ સાથે જોડાયેલી બહેનો પોતાની કમાણીથી પરિવારનું ગુજરાન ચલાવે છે, બાળકોને શિક્ષણ આપે છે. સાથેસાથે પોતાની આગવી ઓળખ પણ બનાવી રહી છે.

ગુજરાત સરકારે આર્થિક રીતે નબળા કુટુંબોના જીવનધોરણમાં સુધારો લાવવા અને મહિલાઓના સશક્તિકરણ માટે સખી મંડળની રચના કરી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ્? ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (જી.એલ.પી.સી.)ની રચના કરી હતી. જેના હેઠળ સ્વસહાય જૂથ સાથે જોડાયેલી મહિલાઓને આર્થિક સક્ષમ કરી, કૌશલ્યવર્ધન તાલીમ આપી, બેંક ધિરાણ આપી તથા આંતરિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને તેમને સ્વરોજગારી થકી આર્થિક રીતે પગભર બનાવવામાં આવે છે. સખી મેળામાં સ્વસહાય જૂથોને સીધા ગ્રાહકોને વેચાણ કરવાની તક મળતાં ઉત્પાદનના સારા ભાવ પણ મળી રહે છે. આમ, અનેક મહિલાઓ વ્યવસાય અર્થે ઘરથી બહાર નીકળી સ્વનિર્ભર બનતા મિશન મંગલમ્ સાર્થક થયું છે.

# સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કૂલનું ધો.૧૨નું ૧૦૦% પરિણામ



તસવીર : આનંદ જાવીયા




**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે ધો.૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થતા શહેરની અગ્રગણ્ય શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કૂલનું ધો.૧૨નું સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦% આવ્યું છે. ફરી એકવાર આ સરકારી શાળાએ સમગ્ર ગુજરાતમાં પોતાનો ડંકો વગાડયો છે. શાળાની ૧૦ વિદ્યાર્થીનીઓએ ૯૦ કરતા વધુ પર્સનટાઇલ હાસલ કર્યા છે. જેમાં પહેલા નંબર પર ૯૯.૩૦ પીઆર સાથે કનોજીયા સ્વાતિ રહી છે. તેમની આ સિધિ બદલ શાળાના આચાર્ય તેમજ શિક્ષક ગણે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# “મવડીનું ઇન્ડોર કોમ્પ્લેક્ષ તા. ૧૬થી શરૂઃ વેસ્ટ ઝોનમાં સૌથી મોટી સ્પોર્ટસ સુવિધા”

### સોમવારથી સભ્ય નોંધણી ઓનલાઇન થશે  હાલ ચાર રમત-ગમતનો પ્રારંભઃ શુટીંગ, સ્ક્વોશ, આર્ચરી સહિતની અન્ય રમતો બીજા તબકકામાં શરૂ થશેઃ ફીના ધોરણો જાહેર કરાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

માર્ચ મહિનાના અંતમાં મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લા મૂકવામાં આવેલા મવડીના વિશાળ ઇન્ડોર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રમત-ગમત પ્રવૃત્તિઓનો અંતે તા.૧૬મેથી પ્રારંભ થઇ રહ્યો છે. વેકેશનમાં આ સંકુલ ખુલ્લુ મુકવા સાથે મેમ્બરશીપ રજીસ્ટ્રેશન સોમવારથી શરૂ કરાશે તેવી જાહેરાત પદાધિકારીઓએ કરી છે.''

પ્રથમ તબકકામાં લોન ટેનીસ, બાસ્કેટ બોલ, વોલીબોલ, બેડમિન્ટન શરૂ થશે. શુટીંગ આર્ચરી સહિતની રમતો બીજા તબકકામાં શરૂ થવાની છે તો સ્પોર્ટસ ફેસેલીટી માટે હાલ ફીના દર નકકી કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં મવડી - પાળ રોડ, રામઘણ આશ્રમની પાસે મવડી ખાતે રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે ૧૧૮૩૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટમાં નવું ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામા આવેલ છે.

આ નવા ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રથમ તબક્કામાં કુલ ૪ સ્પોર્ટ્સ ફેસીલીટી આગામી તા.૧૬-૫થી શહેરીજનો માટે શરૂ કરવામાં આવશે. જેના માટે ઓનલાઇન મેમ્બરશીપ તા.૫-૫ના રોજથી www.rmc.gov.in પર જઈને રજીસ્ટ્રેશન કરાવી શકશે તેમ મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું.

આ નવનિર્મિત સ્ટેડિયમ પ્રથમ અને બીજા તબક્કામાં શરૂ કરવામાં આવશે. ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સ્પોર્ટ્સ ફેસિલિટી પ્રમાણે મેમ્બરશિપ ફી નિયત કરવામાં આવેલ છે.

લોન ટેનિસ, વોલીબોલ, બાસ્કેટ બોલ અને બેડમિન્ટન બેચ માટેનો સમય સવારે ૬ થી ૧૦ અને સાંજે ૬ થી ૧૦ રહેશે તેમજ તમામ બેચ ૧ કલાકની રહેશે. અઠવાડિયાના રવિવારે જાહેર રજા રાખવામાં આવશે.

આ નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનો શહેરીજનો વધુને વધુ લાભ મેળવી તેમજ સ્પોર્ટ્સ ક્ષેત્રે પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરે તેમજ પોતાની ફિઝીકલ ફિટનેસ સુધારે તે માટે પદાધિકારીઓએ લોકોને અનુરોધ કર્યો છે. વેસ્ટ ઝોનમાં મવડી સહિતના વિસ્તારમાં આ સ્ટેડીયમ ખુબ ઉપયોગી થશે અને છેક નવા રીંગરોડ આસપાસ રહેતા લોકોને પણ લાભ મળશે.

# ઉનામાં ગૌવંશ કતલખાનું ઝડપાયું ૫ વાછરડાને બચાવાયા, ૮ આરોપી પકડાયા, એક ફરાર કતલના સાધનો અને વાહનો જપ્ત

**મુખ્ય સમાચાર-ઉના**
**(અબ્દુલ પઠાણ)**

ગીર સોમનાથ એલસીબીએ ઉના ખાતે ગૌવંશ કતલખાનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે પાંચ જીવતા વાછરડાને બચાવ્યા છે. આ કેસમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક આરોપી હજુ ફરાર છે પોલીસ સબ ઇન્સપેક્ટર એ.સી. સિંધવ અને તેમની ટીમને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. બાતમી મુજબ અસ્લમભાઇ ઉર્ફે અસલો ચોરવાડા અન્ય લોકો સાથે મળીને સેન્ટ જોસેફ સ્કૂલ પાછળની વાડીમાં ગેરકાયદે ગૌવંશની કતલ કરી રહ્યા હતા પકડાયેલા આરોપીઓમાં આસીફખાન પઠાણ, મુખ્તારખાન પઠાણ, બસીર સુમરા, અજીમ પઠાણ,



મહમદ ચોરવાડા, કાદર સમા, રજાક સમા અને અયાનખાન પઠાણનો સમાવેશ થાય છે. વાડીના માલિક અસ્લમભાઇ ચોરવાડા હજુ ફરાર છે પોલીસે કતલ માટે વપરાતા સાધનોમાં એક કુહાડી, ચાર છરા, એક ડિજિટલ વજન કાંટો અને એક હેમરી પથ્થર જપ્ત કર્યા છે. આ ઉપરાંત છ વાહનો અને આઠ મોબાઇલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે. કુલ જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત રૂ. ૨,૮૦,૩૫૦ છે આરોપીઓ વિરુદ્ધ ઉના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાલાવડ રોડની કોમ્પ્યુટર ઈજનેર યુવતી પર સીએનું અનેકવાર દુષ્કર્મ

## યુવતીને એપ દ્વારા સંપર્કમાં આવેલ દર્શન પીઠડીયાએ લગ્નની લાલચ આપી ધારી રિસોર્ટ, ઉજ્જૈન, ઉદયપુર, ગોવા સહિતની જગ્યાએ લઈ જઈ દેહ ચૂંથ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની કોમ્પ્યુટર ઈજનેર યુવતી પર ચાર્ટડ એકાઉન્ટ શખ્સે લગ્નની લાલચ આપી અનેકવાર દુષ્કર્મ આચરતાં ફરીયાદ નોંધાઈ હતી. માતા સાથે એકલી રહેતી યુવતીને BUMBL$E એપ દ્વારા સંપર્કમાં આવેલ ૨૮ વર્ષીય દર્શન પીઠડીયાએ ધારી રિસોર્ટ, ઉજ્જૈન, ઉદયપુર, ગોવા સહિતની જગ્યાએ લઈ જઈ દેહ ચૂંથ્યો હતો.

આ બનાવ અંગે ની માહિતી મુજબ રાજકોટમાં કલાવડ રોડ પર રહેતી યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દર્શન ભુપેન્દ્ર પીઠડીયા (ઉ.વ.૨૮, રહે. અટીકા ફાટક પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં અર્જુન પાર્ક રાજકોટ )નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી હાલ ઘરે બેઠા ઓનલાઇન ફ્રીલાન્સીંગનુ કામ કરે છે. તેમના પરીવારમાં તે અને તેમની ૫૬ વર્ષની માતા જે વિમા કંપનીમાં નોકરી કરે છે. તેણીએ અમદાવાદ કોમ્પ્યુટર એંજીનીયરીંગનો અભ્યાસ કરેલ છે.

છ-સાતેક મહીના પહેલા તેણી યુનીવર્સિટી રોડ પંચાયત ચોકથી આગળ આવેલ એકેડમી ખાતે આઈઈએલટીએસના ક્લાસીસમા લેક્ચરર તરીકે કરતી હતી. ઓકટોબર ૨૦૨૪ માં તેણીએ મોબાઇલમા રહેલ નામની એપ દ્વારા દર્શનભાઇ પીઠડીયા સાથે સંપર્કમા આવેલ. બાદ તેઓ મેસેજ ચેટ દ્વારા વાતચીત કરતા અને ગઇ તા.૧૪/૧૦/૨૦૨૪ ના બંન્નેએ એકબીજાના મોબાઇલ નંબરની આપ-લે કરેલ હતી.

મેસેજ ચેટ દ્વારા બીજા દિવસે રૂબરૂ મળવાની વાતચીત થયેલ અને બીજા દિવસે કાલાવાડ રોડ પર ઈસ્કોન મંદીરની સામે આવેલ ટી-પોસ્ટ પર રૂબરૂ મળેલ અને બાદ બાજુમા આવેલ એમટીવી ટી-પોસ્ટ પર બેસવા માટે ગયેલ હતા. જે બાદ બન્ને એક-બીજા સાથે ફોન ઉપર તથા વોટ્સ એપ દ્વારા વાતો કરતા હતા.

દરમિયાન દર્શને પ્રપોઝ કરેલ અને એકબીજાને પ્રેમ કરવા લાગેલ હતાં. ગઇ તા.૧૮/૧૦/૨૦૨૪ ના તેણી જે એકેડમીમાં કામ કરતી હતી ત્યાના સ્ટાફના સહકર્મી મિત્રનો જન્મદિવસ હોવાથી તેણી અને આરોપી દર્શન પીઠડીયા સાથે જન્મદિવસની ઉજવણી કરવા માટે અમરેલીના ધારી (ગીર) ખાતે આવેલ સુર્યા હિલ વ્યુ રિસોર્ટ એન્ડ પર ગયેલ હતાં.

બધા મિત્રો ધારી રીસોર્ટમાં બે દિવસ રોકાયેલ અને ત્યાં દર્શને કહેલ કે, તુ મને બહુ ગમે છે, હવે હુ તારી સાથે જ લગ્ન કરવા ઈચ્છુ છુ, આપણે એકબીજાના પરિવારને વાત કરીને લગ્ન માટે મનાવી લઈશું, હું તારી સાથે જ લગ્ન કરીશ એમ કહી લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી તેણી સાથે એક વખત શારીરીક સંબંધ બાંધેલ હતો. ત્યારબાદ તા.૨૦/૧૦/૨૦૨૪ ના તેઓ બધા સાળંગપુર મંદિરે દર્શન કરી પરત રાજકોટ ખાતે આવેલ હતા.

ત્યારબાદ યુવતી અને દર્શન પીઠડીયા બન્ને તા.૩૧/૧૦/૨૦૨૪ ના ઉજ્જૈન ફરવા માટે રાજકોટથી તેણીની કાર લઈને ગયેલ હતા. બીજા દિવસે મોડી રાત્રીના ઉજ્જૈન પહોંચેલ અને ત્યા હોટલ ખાતે રાત્રી રોકાણ કરેલ ત્યા પણ દર્શને તેણી સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો. ત્યાર બાદ બીજા દિવસે ઓમકારેશ્વર મંદિર અને બાદમાં ઉદયપુર ફરવા માટે ગયેલ અને ઉદયપુર બન્ને ત્રણ દિવસ સુધી રોકાયેલ હતાં. ત્યા પણ દર્શને તેની સાથે શારીરીક સંબંધ બાધેલ હતા. બાદ બંન્ને રાજકોટ પરત ફરેલ અને બન્ને અવારનવાર એકબીજાને મળતા અને વાતચીત કરતા હતા. તેમજ માતા તેમની ઓફીસ નોકરીએ ગયા હોય ત્યારે દર્શન ઘરે આવતો અને બપોરના સમયે બન્ને અવારનવાર મળતા હતા. ત્યારે પણ તેને શારીરીક સંબંધ બાંધેલ હતા. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન દર્શન પીઠડીયાના લગ્નની વાત આવેલ અને ત્યારે તેને છોકરી જોવા જવા માટે તેના માતા-પિતાએ તેને કહેલ ત્યારે તેને મારી સાથે લગ્ન કરવાનુ મને વચન આપેલ હતુ. જે છોકરીની વાત ચાલુ હતી તેને ના પાડી દીધેલ હોવાની વાત આ દર્શને કરેલ હતી.

બાદ બીજા દિવાની રાત્રે વોટ્સએપમાં મેસેજ દ્વારા કહેલ કે, ભિવંડી વાળી છોકરી મારા મમ્મી-પપ્પાને ગમી છે તેવુ જણાવેલ હતુ. જેથી બન્ને વચ્ચે ફોનમાં સામાન્ય બોલાચાલી થયેલ હતી. બાદ તે મુંબઈ ભિવંડીથી તા.૧૨ ના પરત રાજકોટ ફરેલ અને તેણી તેને સમજાવવા માટે રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે મોડી રાત્રીના ગયેલ હતી. ત્યાંથી દર્શન પીઠડીયા તેને લીમડા ચોક ખાતે આવેલ ગેલેક્ષી હોટલ ખાતે લઈ ગયેલ અને બંન્ને ત્યા રાત્રે રોકાયેલ અને દર્શને તેણી સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો. બાદ દર્શનને કહેલ કે, તુ આપણા બન્નેના લગ્નની વાત તારા પરીવારના સભ્યો સાથે ક્યારે કરવાનો છો?'' તેમ કહેતા દર્શને વાત કરીશ એમ કહેલ હતું.ગઇ તા.૧૫ ના તેના પિતા સાથે તેણીની મુલાકાત કરાવેલ હતી પરંતુ તેના પિતાએ દર્શનને તેણી સાથે લગ્ન કરવાની ના પાડેલ હતી. બાદ તા.૧૯ ના ભિવંડી મુંબઈ વાળી છોકરી વાળા દર્શનને જોવા માટે આવેલ હતાં. બાદ આતેણીએ દર્શનને સાંજના સમયે મેસેજ કરેલો કે, પહેલી છોકરી વાળા તને જોવા માટે આવેલ હતા, તેનુ શું થયુ ? તો દર્શને કહેલ કે, મને માફ કરજે, તે છોકરી મારા માતા-પિતાને ગમી ગઇ છે, એટલે હુ તેને ના પાડી શક્યો નથી.બાદમાં તેણીએ જે છોકરી તેને જોવા માટે આવેલ હતી તેના સગાનો ઈન્સ્ટાગ્રામથી કોન્ટેક મેળવેલ હતો. તેણી જામનગર રૂબરૂ જઈ તે યુવતીના પિતરાઈ બહેનને તેણી તથા દર્શન વચ્ચેના સબંધોની હકીકત જાણાવેલ, બાદ બીજા દિવસે સવારે દર્શનનો વોટ્સ એપ્પમા મેસેજ આવેલ કે, તુ મને હવે મેસેજ કે ફોન ન કરતી તેમ કહી તેણીનો મોબાઇલ નંબર બ્લોક કરી દિધેલ હતો.બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને સકાંજામાં લેવાં તજવીજ હાથ ધરવામાં આવી છે.

# તિરૂપતિનગરમાં ૧.૯૦ કરોડની છેતરપિંડીના ગુનામાં બે આરોપીની જામીન અરજી નામંજુર

### જમીનના સોદામાં અન્ય વ્યક્તિના ડોક્યુમેન્ટ જોડી દસ્તાવેજ કરી ઠગાઈ કરી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલ તિરૂપતિનગરમાં રહેતા અને જમીન લે વેચનો ધંધો કરતા ફરસાણ વેપારી ભુપતભાઈ ગોવિંદભાઈ ઠૂંમરે વર્ષ ૨૦૨૩માં મિત્ર મારફતે જમીન સોદા દરમિયાન પરિચયમાં આવેલા મનીષભાઈએ અઠવાડિયા પછી ભુપતભાઈ ઠુંમરની દુકાને જઈ ઘંટેશ્વર ખાતે પાંચ એકર જમીન મિત્ર શૈલેષભાઈના મામા ઘુસાભાઈ સીતાપરાની છે. આ જમીન ખરીદવા માટે ભુપતભાઈએ તૈયારી દેખાડેલી હતી. પાંચ એકર જમીન રૂ.૩૦ કરોડમા ખરીદવાનું નક્કી કર્યું હતું. રૂપિયા ફરિયાદીએ દોઢ વર્ષમાં પુરા કરવાનું અને સાટાખત વખતે બે કરોડ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સાટાખત કરવા માટે એડવોકેટની ઓફિસે ગયા હતા ત્યાં ફરિયાદી તેના જમાઈ પ્રીતેશભાઈ અને મિત્ર મોહસીનભાઈ ગયા હતા અને સામાપક્ષે મનીષભાઈ, શૈલેષભાઈ, રવિભાઈ વાઘેલા તેમજ જમીન માલિક તરીકે ઘૂસાભાઈ સીતાપરા ગયા હતા.

ઘુસાભાઈને બદલે અને વ્યક્તિના ખોટા આધારકાર્ડ અને પાન કાર્ડ રજૂ કરી નોટરાઈઝ સાટાખત કરી આપ્યો હતો. ફરિયાદી દ્વારા આરોપીઓને કુલ રૂ.૧.૯૦ કરોડ ચૂકવી દીધા હતા. ભુપતભાઈ ઠુંમર તેમના મિત્ર મયુરભાઈની ઓફિસે હતા ત્યારે નરેન્દ્રસિંહ નામની પરિચિતને ઘંટેશ્વરમાં ઘૂસાભાઈ સીતાપરાની જમીન ખરીદ કર્યાના કર્યાના સાટાખત દેખાડ દેખાડતા નરેન્દ્રસિંહે ફોટા વાળી વ્યક્તિ ઘુસાભાઈ સીતાપરા નહિ હોવાનું જણાવતા ભુપતભાઈ હંમરે તપાસ કરતા છેતરપિંડી થયાનું જાણવા મળ્યું હતું. આ અંગે ભુપતભાઈ ઠુંમર દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આરોપીઓની અટક કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલા આરોપી દામજીભાઈ જાદવજીભાઈ કુબેર અને રવિ જેરામભાઈ વાઘેલા દ્વારા ચાર્જશીટ બાદ જામીન મુક્ત થવા સેશનસ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા સરકારી વકીલ અને ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી સેસન્સ કોર્ટ દ્વારા બંને આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગ શાહ અને અતુલ જોષી તેમજ ફરીયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, મીતેશ એચ. ચાનપુરા અને પ્રહલાદસિંહ ઝાલા રોકાયા હતા.

# મઘરવાડા ગામે સગપણ તૂટી જતાં યુવતીના મોટાબાપુ ઉપર પિતા-પુત્ર સહિત ત્રણનો ધોકા વડે હુમલો

### ભત્રીજા સાથે સગાઈ નક્કી થયા બાદ અન્ય સ્થળે સગપણ કર્યાનો ખાર રાખી હુમલો કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મઘરવાડા ગામે ભત્રીજા સાથે કરેલું સગપણ તોડી અન્ય સ્થળે સગાઈ કરી નાખ્યાનો ખાર રાખી વૃદ્ધ ઉપર પિતા-પુત્ર સહિત ત્રણ શખ્સોએ કારમાં કારમાં ઘસી ઘસી આવી ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલાખોર પિતા પુત્ર સહિત ત્રણ વિરૂદ્ધ પોલીસ દફતરે ફરિયાદ નોંધાય છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના મઘરવાડા ગામે રહેતા લાખાભાઈ રત્નાભાઈ સભાડ નામના ૬૦ વર્ષના વૃદ્ધ મઘરવાડા ગામે આવેલા મહાદેવના મંદિર પાસે હતા ત્યારે કાના માલણભાઈ સભાડ, અને તેનો પુત્ર મયુર કાનાભાઈ સભાડ સહિતના ત્રણ શખ્સો કારમા ધસી આવ્યા હતા. અને લાખાભાઈ સભાડ ઉપર ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હુમલાખોર પિતા પુત્ર સહિત ત્રણ વિરુદ્ધ લાખાભાઈ સભાડે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદમાં જણાવ્યું હતું કે લાખાભાઈ સભાડના કૌટુંબિકભાઈ નાથાભાઈ બીજલભાઈ સભાડની પુત્રીની હુમલાખોર કાનાભાઈ સભાડના ભાઈ ગોવિંદભાઈ સાવાના દીકરા સાથે સગપણ કર્યું હતું પરંતુ નાથાભાઈએ તેની દીકરીની સગાઈ બીજે નક્કી કરી હોય જેનો ખાર રાખી પિતા પુત્ર સહિત ત્રણેય શખ્સોએ કારમાં ધસી આવી ધોકા વડે હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીવરાજ પાર્ક માં કર્મચારીએ માલિકના ઘરમાંથી 30.૫૦ લાખનો કર્યો હાથફેરો

### ૯ લાખની રોકડ અને ૨૧.૫૦ લાખની ત્રણ વિદેશી ઘડિયાળ લઈ નાશી છૂટેલા શખ્સની ફરિયાદના આધારે શોધખોળ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીવરાજપાર્ક પાસે આવેલી અંબિકા ટાઉનશીપમાં રહેતા માલિક સાથે વિશ્વાસુ કર્મચારીએ વિશ્વાસઘાત કરી રૂા. ૯ લાખની રોકડ અને ૨૧.૫૦ લાખની કિંમતની ત્રણ વિદેશી ઘડિયાળની ચોરી કરી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ જીવરાજપાર્ક પાસે અંબિકા ટાઉનશીપમાં રહેતા મુળ જૂનાગઢના જતીનભાઈ હરેશભાઈ અઢિયાએ છેલ્લા છ વર્ષથઈ તેના ઘરે ઘરની અને કુતરાની દેખરેખ રાખતા અને પર્સનલ કામો કરતા કર્મચારી ભરત પરબતભાઈ ઓડેદરા (રહે. પોરબંદર) વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. જતીનભાઈ અઢિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભરત ઓડેદરા છેલ્લા છ વર્ષથી તેની સાથે નોકરી કરે છે. અને છેલ્લા ચાર વર્ષ આફ્રિકા પણ સાથે રહેતો હતો અને બે વર્ષથી રાજકોટમાં ભરત ઓડેદરા જતીનભાઈ અઢિયાના ઘરની અને પાલતુ કુતરાની દેખરેખ રાખતો હતો અને પર્સનલ કામ કરતો હતો. જતીનભાઈ અઢિયાને જમીનનો દસ્તાવેજ હોવાથી ભરત ઓડેદરા પાસે અયોધ્યા ચોક પાસે આવેલ ગાયત્રી સોસાયટીમાં અનિલભાઈ ડાંગરના નવા બનતા મકાને ગયા હતાં. અને જ્યાં અનિલભાઈ ડાંગરે રૂા. ૯ લાખની રોકડ આપી હતી. જે રોકડ રૂપિયા ૯ લાખ જતીનભાઈ અઢિયાએ વિશ્વાસુ કર્મચારી ભરત ઓડેદરાને આપી બેન્કમાં જમા કરવા માટે મોકલ્યો હતો. પરંતુ વિશ્વાસુ કર્મચારીએ રૂપિયા બેંકમાં જમા કરાવવાના બદલે જતીનભાઈ અઢિયાના ઘરે પહોંચી તેના ઘરે રહેલી રૂપિયા ૨૧.૫૦ લાખની કિંમતની ત્રણ વિદેશી ઘડિયાળ અને રૂપિયા ૯ લાખની રોકડ નાશી છુટ્યો હોવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે તાલુકા પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

# શહેરમાં જુદા-જુદા ચાર સ્થળે દારૂના દરોડા, મહિલા સહિત ૩ દારૂસાથે ઝડપાયા

### ૩૨૭ બોટલ દારૂ અને કાર મળી ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્તઃ એકની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર માં જુદા જુદા ચાર સ્થળે પોલીસે દરોડા પાડી રૂપિયા ૧ લાખના દારૂ સાથે મહિલા સહિત ત્રણને ઝડપી લીધા હતાં. પોલીસે ૩૨૭ બોટલ દારૂ અને કાર મળી ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાન નાશી છુટેલા એક શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટના બેડલા ગામ અને ફાળદંગ ગામ વચ્ચેથી વિદેશી દારૂ ભરેલી કાર પસાર થવાની હોવાની બાતમીના આધારે એરપોર્ટ પોલીસે વોચ ગોઠવી હતી. એ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી ઈકો કાર શંકાસ્પદ લાગતા તેની અટકાયત કરી તલાશી લેતા તેમાંથી રૂપિયા ૨૭ હજારની કિંમતની ૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક ઉદય કમલેશભાઈ સાગઠિયા (રહે. ખાટડી તાલુકો ચોટીલા)ને ઝડપીલીધો હતો. પોલીસે વિદોશી દારૂ અને કાર મળી રૂા. ૨.૬૦ લાખનો મુદ્દામાલકબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં જામનગર રોડ ઉપર સાંઢિયા પુલ પાસે હુડકો ક્વાટર નજીક ઓરડીમાંથી પ્રનગર પોલીસે બાતમીના આધારે આશિફ ઈકબાલ ગોરી નામના શખ્સને રૂા. ૧૯,૫૦૦ના કિંમતની ૧૫ બોટલ દારૂ સાથે ઉઠાવી લીધો હતો.

ત્રીજા દરોડામાં દુધસાગર રોડ ઉપર આવેલા માજોઠી નગરમાં રિટાબેન જિતેશભાઈ સિતાપરા નામની મહિલા જાહેર રોડ ઉપર વિદેશી દારૂના ચપલા સાથે ઉભી હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસે દરોડો પાડી રૂા. ૪,૮૦૦ની કિંમતના ૪૮ ચપલા સાથે રિટાબેન સીતાપરાને ઝડપીલીધી હતી. ચોથા દરોડામાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતા સુનિલ કિશન સોલંકી નામના શખ્સે પોતાના ઘરે વિદેશી દારૂ વેચાણ અર્થે ઉતાર્યો હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસે દરોડો પાડ્યો હતો. ઘરની તલાશી લેતા ઘરમાંથી રૂા. ૫૬,૩૫૨ની કિંમતની ૧૯૨ બોટલ દારૂ અને સ્કૂટર મળી આવ્યું હતું. પોલીસે રૂા.૯૬,૩૫૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાનહાજર મળી નહીં આવેલા સુનિલ સોલંકીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# RMC ક્વાર્ટરમાં ડોગની મદદથી ગાંજાનો જથ્થો શોધી કઢાયોઃ ૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે

### હત્યાના ગુનામાં જેલમાંથી બહાર નિકળી શખ્સ નશાનો કારોબાર ચલાવતા ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર સાગર ચોકમાં આવેલા આરએમસી યોજના ક્વાર્ટરમાં રહેતા નામચીન શખ્સે ગાંજાનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમી પરથી એસઓજીએ દરોડો પાડયો હતો. આ સમયે પોલીસ વિભાગના ડોગ કે જેમને નશીલા પદાર્થ સંદર્ભે ખાસ તાલીમ આપવામાં આવી હોય તે શેરાને મેદાનમાં મેદાનમાં ઉતારાયો હતો અને તેણે કુખ્યાત શખ્સે જે સ્થળે ગાંજો છુપાવ્યો હતો તે સ્થળ શોધી કાઢ્યું હતું ત્યાંથી ૨.૩૪૧ કિ.ગ્રા ગાંજાનો જથ્થો મળી આવતા કબ્જે કરી નામચીન શખ્સની ધરપકડ કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર સાગર ચોક પાસે આવેલા આરએમસી



યોજનાના ક્વાટરમાં રહેતા નામચીન શખ્સ દ્વારા પોતાના ઘરમાં ગાંજાનો જથ્થો છુપાવ્યો છે. અને તે પડીકીઓ બનાવી વેચાણ કરે છે તેવી બાતમીના આધારે એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાની સુચનાથી પીઆઈ હરિયાણી, પીએસઆઈ ધાસુરા તથા સ્ટાફના ફિરોજ શેખ, કિશોરભાઈ પુષલ, અમિતભાઈ ટુંડિયા સહિતના સ્ટાફે આરએમસી ક્વાટરમાં દરોડો પાડયો હતો. તે સમયે પોલીસને વધારે શોધખોળ કરવી ન પડે તે માટે પોલીસના ખાસ ડોગ શેરાને બોલાવાયો હતો. તેણે ઘરમાં ચક્કર લગાવી એક ઘંઉની કોઠી પર નિશાન તાંક્યુ હતું. તેમાં તલાશી લેવાતા અંદરથી ૨.૩૪૧ કિ.ગ્રા. ગાંજો મળી આવ્યો હતો. આથી ઈમરાન ઈકબાલભાઈ બેલીમ નામના શખ્સની ધરપકડ કરી ૩૪,૧૨૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પોલીસ પુછપરછમાં જાણવા મળ્યા મુજબ ઈમરાન બેલીમ અગાઉ હત્યાના ગુનામાં સંડોવાઈ ચુક્યો છે. તે ગુનામાં જેલમાં હોય થોડા સમય પૂર્વે જેલમાંથી છુટી નશા કારક પદાર્થ વેચવાનું શરૂ કર્યું હતું. હાલ તેના કબ્જામાંથી ઝડપાયેલો ગાંજો સુરતથી લાવ્યો હોવાનું કબુલાત આપી છે. જેના આધારે ગુનો દાખલ કરી એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ઉમરાળી ગામે પાડોશીએ ઘરમાં ઘુસી પરિણીતાનો હાથ પકડી અભદ્ર માંગણી કરી

### તારા પતિને જાણ કરીશ તો તને અને તારા પુત્રને મારી નાંખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ના ઉમરાળી ગામે રહેતી પરિણીતા ઘરે એકલી હતી ત્યારે પાડોશી શખ્સે ઘરમાં ઘૂસી જઈ હાથ પકડી અભદ્ર માંગણી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ તાલુકાના ઉમરાળી ગામે રહેતી ૨૬ વર્ષીય પરિણીતાની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગામમાં જ રહેતા મુકેશ જેસીંગભાઈ આગરીયા વિરૂધ્ધ નિર્લજ્જ હુમલો, એટ્રોસીટી અને ધમકી આપ્યાનો ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩ના રાત્રે ૯ વાગ્યાના અરસામાં તેણી તેના પુત્રો સાથે ઘરે એકલી હતી અને પતિ કામ સબબ બહારગામ હતા ત્યારે ગામમાં રહેતો મુકેશ આગરીયા ઘરનો વરંડો કુદી ઘરમાં ઘૂસી ગયો હતો અને તેણીનો હાથ પકડી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી અભદ્ર માંગણી કરી હતી. જેથી તેણીએ હાથ છોડાવી ફળિયામાં દોડી જઈ પુત્ર પાસેથી મોબાઈલ લઈ તેના પતિને ફોન કર્યો હતો. દરમિયાન આરોપીએ ફળીયામાં આવી જો તે તારા પતિને આ બાબતે વાત કરી તો તને અને તારા દિકરાને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ગાળો આપી નાશી છૂટયો હતો.

બાદમાં તેના પતિ ઘરે આવતા સમગ્ર હકિકત જણાવતા પોલીસ મથકે ફરિયાદ કરવા દોડી આવ્યા હતા.

# ગોંડલમાં રીક્ષા ગેંગની બે મહિલા સહિત ચાર શખ્સોની ધરપકડ






### સૌરાષ્ટ્રના અલગ અલગ સ્થળોએ રીક્ષા અને કારમાં પેસેન્જરને બેસાડી ખિસ્સા હળવા કરતી ગેંગને દબોચી લઈ પોલીસે રૂપિયા ત્રણ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે સૌરાષ્ટ્રમાં અનેક જગ્યાએ રિક્ષામાં મુસાફરોના ખીસા હળવા કરતી ગેંગની બે મહિલા સહિત ચાર શખ્સોને દબોચી લઈ ૩ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે

અંગેની માહિતી મુજબ ગોંડલ ડી ડિવિઝન પોલીસના પીઆઇ જેપી ગોસાઈ ની સૂચનાથી સર્વિલન્સ સ્ટીમના માણસો પેટ્રોલિંગમાં હતા ત્યારે હકીકત મળી હતી કે સાબર વેરાવળ નો પ્રકાશ ઉર્ફે પકો ઉર્ફે ભાણો સોમા વાઘેલા અને તેના સાગરીતો સાથે રિક્ષામાં બેસી રાજકોટ તથા મોરબી તથા સુરેન્દ્રનગર માં મુસાફરોને બેસાડી ઉલટી થવાના બહાનું બતાવી ધક્કા મૂકી કરી પેસેન્જરને ખિસ્સામાંથી રોકડ કે કીમતી દાગીના શેરવી લઈ ચોરી કરતી ગેંગ ગોંડલ તરફ આવતી હોવાની હકીકતના આધારે પોલીસે હાઈવે પર વોચ ગોઠવી નંબર વગરની સીએનજી રીક્ષામાં નીકળેલો પ્રકાશ ઉર્ફે પકો ઉર્ફે ભાણો સોમા વાઘેલા રહે સાપર વેરાવળ શાંતિધામ સોસાયટી તથા ઈરફાન તથા જશુ મહેશ મકવાણા તથા રેખા બિલુ મકવાણા રહે કુબલીયાપરા રાજકોટ નામની બે મહિલા સહિત ચાર શખ્સોને દબોચી લઈ રોકડા રૂપિયા ૯ હજાર તથા નંબર વગરની સીએનજી રીક્ષા અને ત્રણ મોબાઈલ સહિત કુલ રૂપિયા ત્રણ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો હતો ઝડપાયેલ રીક્ષા ગેંગની મહિલા સહિત ચાર શખ્સો સૌરાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ ચોરીને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપી હતી.

# સદભાવના સોસાયટીમાં વૃદ્ધ વેપારીનો કારમાં અપહરણનો પ્રયાસ

### નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ૪ શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર આવેલ સદભાવના સોસાયટીમાં રહેતા વેપારી વૃધ્ધને આંતરી નંબર પ્લેટ વગરની કારમાં ઘસી આવેલા ૪ શખ્સોએ અપહરણનો પ્રયાસ કર્યાન ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પટેલનગર પાસે આવેલી સદભાવના સોસાયટીમાં રહેતા અને સોરઠીયાવાડી શેરી નં.૬માં ભવાની સીંગ નામની દુકાન ધરાવતા જગદીશભાઈ કાન્તીલાલ સાતા (ઉ.વ.૬૭) નામના વેપારી વૃધ્ધે ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગત તા.૨૩-૪ના રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં પોતાની દુકાન વધાવી બાઈક લઈ ઘરે જતા હતા. દરમિયાન ઘર પાસે શેરીમાં પહોંચતા સામેથી નંબર પ્લેટ વગરની કાર ઘસી આવી હતી. જેથી તેઓએ બાઈક ઉભુ રાખી દીધું હતું. કારમાંથી મોઢા પર રૂમાલ બાંધેલા ૩૦થી ૩૫ વર્ષના બે શખ્સોએ ઉતરી તેની પાસે આવી છરી બતાવી ગાડીમાં બેસી જા તેમ કહેતા તેમણે ગાડીમાં બેસવાનો ઈન્કાર કર્યો હતો. જેથી બંને શખ્સોએ બળજબરીથી બાવડું પડી કારમાં બેસાડવાનો પ્રયાસ કરતા તેઓ નીચે પડી જતા રાડારાડી કરતા આરોપીઓ કારમાં બેસી નાશી છૂટ્યા હતા. જેથી તેઓ ઉભા થઈ બાઈક લઈ ઘરે જતા રહ્યા હતા. તેમની તબિયત સારી ન હોવાથી તેમણે જે તે વખતે ફરિયાદ કરી ન હતી. તબિયત સારી થયા બાદ આ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ સી.ડી. અજોડીયાએ ગુનો નોંધી અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# રેલનગરમાં યુવાનને ચાર વ્યાજખોરોએ ધમકી આપતા ફરીયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં યુવાને વ્યાજે લીધેલા રૂપિયાની વ્યાજ સહિત ચુકવણી કરી હોવા છતાં વ્યાજખોરો બિભસ્ત ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની યુવાને ચાર વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા રેલનગરમાં સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપમાં રહેતા પ્રદિપભાઈ મોહનભાઈ પટેલ નામના યુવાને અલલ્તા દલવાણી પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂપિયા ૮૦૦૦ લીધા હતા અને જેના બદલે વ્યાજ સહિત રૂપિયા ૧૮ હજાર ચુકવી દીધા હતાં. જ્યારે અમિત પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧૦ હજાર લીધા હતાં. જે વ્યાજ સહિત ચુકવી આપ્યા હતાં. જ્યારે શાહરૂખ ઉર્ફે ડોનું વિક્યાણી પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧૦ હજાર લીધા હતાં. અને જેના રૂપિયા ૨૦ હજાર ચુકવી આપ્યા હતાં. તેમ છતાં રિયાઝ નામના શખ્સે ફોન કરી પ્રદિપભાઈ પટેલને બોલાવી અલ્તાફ દલવાણી સાથે મળી બિભસ્ત ગાળો ભાંડી ધમકી આપી હતી. આ અંગે પ્રદિપભાઈ પટેલે ચારેય વ્યાજખોર વિરુદ્ધ પ્રનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.